અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૬ | અંક : ૨૧૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૨૫ ટકા લોકોએ કેન્સલ કરાવ્યું બુકિંગ । ગત બે દિવસમાં ૨૫ ટકા શ્રદ્ધાળુઓએ હોટલ બુકિંગ કેન્સલ કરી દીધું છે

## મહાકુંભમાં નાસભાગની ઘટના બાદ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨ ।

પ્રયાગરાજ મહાકુંભમાં નાસભાગની ઘટના બાદ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો આવ્યો છે. નાસભાગ બાદ મહાકુંભમાં વ્યવસ્થાને લઈને લોકોના મનમાં સવાલો ઉદભવી રહ્યા છે. શ્રદ્ધાળુઓએ પોતાની યાત્રાને ટાળી દીધી છે. જેની અસર અહીંની હોટલ, રેસ્ટોરેન્ટ સહિત તમામ ટૂર એન્ડ ટ્રાવેલ્સ ઓપરેટર પર પણ તેની અસર જોવા મળી રહી છે. ગત બે દિવસમાં ૨૫ ટકા શ્રદ્ધાળુઓએ હોટલ બુકિંગ કેન્સલ કરી દીધું છે.



મહાકુંભના પહેલાં દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ મહાકુંભમાં પહોંચી રહ્યા હતા. જેના લીધે અહીં સ્થિત તમામ હોટલોનું બુકિંગ ફૂલ હતું. પરંતુ હવે નવા બુકિંગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ નાસભાગ પહેલાં જેમણે હોટલોમાં રૂમ કર્યા હતા, તેમાંથી ૨૫ ટકા શ્રદ્ધાળુઓએ બુકિંગ કેન્સલ કરી દીધા છે. પ્રયાગરાજ હોટલ અને રેસ્ટોરેન્ટ એસોસિએશનના અધ્યક્ષ હરજેન્દ્ર સિંહે કહ્યું કે આ શ્રદ્ધાળુઓએ કુંભ વિસ્તારમાં સ્થિતિ સામાન્ય થતાં તેમને માહિતગાર કરવા માટે કહ્યું છે. વધુ એક હોટલ માલિકે કહ્યું કે નાસભાગ બાદ અને નાસભાગ પહેલાં ઘણા બહારના યાત્રીઓએ પ્રયાગરાજમાં હોટલ બુક કરી હતી પરંતુ અકસ્માતના સમાચાર મળ્યા બાદ તેમણે પોતાનું બુકિંગ કેન્સલ કરવા માટે ફોન કરવાનું શરૂ કરી દીધું અને જે લોકોએ પહેલાંથી પૈસા ચૂકવી દીધા હતા તેમણે અનુરોધ કર્યો હતો કે તેમના પૈસા ભવિષ્યની તારીખોમાં એડજસ્ટ કરી દેવામાં આવે.

હરજેન્દ્ર સિંહે જણાવ્યું કે નાસભાગની ઘટના બાદ હોટલોમાં બુકિંગ રદ થવાના કારણે હોટલ અને રેસ્ટોરેન્ટ સહિત પર્યટન સાથે જોડાયેલા અન્ય વ્યવસાયો પર તેની અસર જોવા મળી રહી છે. તેમણે કહ્યું કે અત્યારે પ્રયાગરાજમાં ૨૦૦થી વધુ હોટલો ચાલે છે જેમાં દુકાનો પણ છે. ખાસકરીને મહાકુંભ માટે લગાવવામાં આવ્યો છે.

પ્રયાગરાજમાં જ જાણિતી હોટલના માલિકે જણાવ્યું હતું કે બુકિંગ રદ કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે. કુંભમાં આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે.

જોકે તેમણે કહ્યું કે સ્થિતિ સામાન્ય થયા બાદ કુંભ માટે ફરીથી બુકિંગમાં તેજી આવી શકે છે. ઘણા લોકો એ પણ માને છે કે નાસભાગ બાદ પ્રયાગરાજમાં વાહનોની એન્ટ્રી પર પ્રતિબંધના લીધે ધંધા પર અસર પડી રહી છે.

### મહાકુંભમાં સાધુ અને પોલીસ વચ્ચે ચકમક

## વસંત પંચમીના સ્નાનને જોતાં ૨થી ૪ ફેબ્રુ. સુધી પ્રયાગરાજમાં વાહનો એન્ટ્રી બંધ

**મહાકુંભનો આજે ૧૨મો દિવસ છે. બપોરે ૧૨ વાગ્યા સુધી ૮૮.૮૩ લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે. ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૩૪.૪૯ કરોડથી વધુ લોકો સંગમમાં ડુબકી લગાવી ચૂક્યા છે. ભીડ અને સુરક્ષાની દેખરેખ હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવી રહી છે. વસંત પંચમીના સ્નાનને જોતાં ૨થી ૪ ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજ શહેર અને મેળા વિસ્તારમાં વાહનોની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે. VVIP પાસ રદ છે. મેળામાં પોલીસ અને સાધુ વચ્ચે ઘર્ષણનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં પોલીસ સાધુઓની ગાડી બેરિયર પર અટકાવી રહી છે, પરંતુ તે બળજબરીપૂર્વક ઘૂસવા માંગે છે. એક સાધુએ બેરિકેડ્સ પાડી દીધા બાદ પોલીસ અને સાધુ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. આજથી ૪ ફેબ્રુઆરી સુધી શ્રદ્ધાળુઓને પોતાના વાહન શહેરની બહાર પાર્કિંગ ઉભા કરવા પડશે. પાર્કિંગમાંથી તે શટલ બસ અથવા પગપાળા ઘાટ સુધી પહોંચી શકશે. મોટા અને નાના વાહનો માટે અલગ-અલગ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ રેલવે સ્ટેશનો પર વન-વે વ્યવસ્થા લાગૂ કરવામાં આવી છે. એક સાઇડથી શ્રદ્ધાળુઓ આવશે તો બીજી સાઇડથી નીકળી જશે.**

## સંસદની સંયુક્ત સમિતિનો રિપોર્ટ લોકસભામાં રજૂ કરવામાં આવશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨ ।

વકફ (સુધારા) બિલની સમીક્ષા અંગે રચવામાં આવેલી સંસદની સંયુક્ત સમિતિ નો રિપોર્ટ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. તો અહીં પેનલમાં હાજર ઘણા વિપક્ષી સાંસદોએ કહ્યું કે, તેમની અસંમતિ નોંધ તેમની જાણ વગર દૂર કરવામાં આવી હતી. લોકસભા સચિવાલય દ્વારા જારી કરવામાં આવેલા બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે, સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલ અને સભ્ય સંજય જયસ્વાલ સોમવારે લોકસભામાં રિપોર્ટ રજૂ કરશે. સમિતિએ ગુરુવારે લોકસભા સ્પીકર ઓમ બિરલાને રિપોર્ટ સુપરત કર્યો હતો. સમિતિએ બુધવારે બહુમતીથી રિપોર્ટનો સ્વીકાર કરી લીધો હતો. જેમાં શાસક ભારતીય જનતા પાર્ટીના સભ્યો દ્વારા સૂચવેલા સુધારાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે બાદ વિપક્ષે આ પ્રક્રિયાને વકફ બોર્ડને નષ્ટ કરવાનો પ્રયાસ ગણાવ્યો. વકફ સુધારા બિલ પર સંસદની સંયુક્ત સમિતિએ ડ્રાફ્ટ કાયદા પરના રિપોર્ટને ૧૫-૧૧ બહુમતીથી સ્વીકાર્યો હતો. વિપક્ષી સભ્યોએ આ રિપોર્ટ સાથે અસહમતિ દર્શાવી હતી. ભાજપના સભ્યોએ ભાર મૂક્યો હતો કે, ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં રજૂ કરાયેલા આ બિલમાં વકફ મિલકતોના સંચાલનમાં આધુનિકતા, પારદર્શિતા અને જવાબદારીની જોગવાઈ છે. બીજી તરફ, વિપક્ષે તેને મુસ્લિમ સમુદાયના બંધારણીય અધિકારો પર હુમલો અને વકફ બોર્ડના કામકાજમાં દખલગીરી કરવાનો આરોપ મૂક્યો હતો.

### વડાપ્રધાન મોદીએ બજેટનું ‘ગણિત’ સમજાવ્યું

## કોંગ્રેસના સમયમાં ૧૨ લાખ પર ૨.૬૦ લાખ ઈન્કમ ટેક્સ હતા

### વાર્ષિક ૧૨ લાખ રૂપિયા કમાતા લોકોને આટલી મોટી રાહત ક્યારેય મળી નથી : વડાપ્રધાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો દ્વાર જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે રવિવારે (બીજી ફેબ્રુઆરી) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરકે પુરમમાં એક રેલી યોજી હતી.

આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ‘દિલ્હીમાં એક પણ ઝૂંપડપટ્ટી તોડી પાડવામાં આવશે નહીં.’ નોંધનીય છે કે, છેલ્લા ઘણાં દિવસોથી, અરવિંદ કેજરીવાલ તેમની જાહેર સભાઓમાં આરોપ લગાવી રહ્યા છે કે જો ભાજપ સત્તામાં આવશે, તો તે ઝૂંપડપટ્ટીઓ તોડી પાડશે. આ વખતે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઝૂંપડપટ્ટીનો મુદ્દો ખૂબ ચર્ચામાં રહ્યો છે. જનસભાને સંબોધતા બજેટ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ‘વાર્ષિક ૧૨ લાખ રૂપિયા કમાતા લોકોને આટલી મોટી રાહત ક્યારેય મળી નથી. નેહરુજીના સમયમાં જો તમે ૧૨ લાખ



રૂપિયા કમાતા હોત, તો સરકાર તમારી આવકનો ચોથો ભાગ પાછો લઈ લેતી હતી. ઈન્દિરા ગાંધીની સરકારમાં જો તમે ૧૨ લાખ રૂપિયા કમાતા હોત, તો તમારે ૧૦ લાખ રૂપિયા સુધી ચૂકવવા પડતા. ૧૦-૧૨ વર્ષ પહેલાં કોંગ્રેસ સરકારમાં જો તમે ૧૨ લાખ રૂપિયા કમાતા હોત, તો તમારે ૨,૬૦,૦૦૦ રૂપિયા ટેક્સમાં પાછા ચૂકવવા પડતા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ‘એક તરફ આપત્તિની ખોટી જાહેરાતો છે, તો બીજી તરફ તમારા સેવક મોદી છે. મોદીની ગેરંટીનો અર્થ થાય છે પરિપૂર્ણતાની ગેરંટી. મોદી જે કંઈ કહે છે, તે કરે છે. બજેટ મોદીની આવી ગેરંટી પૂરી કરવાની ગેરંટી છે. આવતીકાલનું બજેટ જનતાનું બજેટ છે. તમે એ પણ જાણો છો કે ૧૦ વર્ષમાં, ભારતનું અર્થતંત્ર ૧૦મા સ્થાનથી નીચે આવીને ૫મા સ્થાને આવી ગયું છે. દેશની આર્થિક શક્તિ વધી રહી છે. નાગરિકોની આવક વધી રહી છે. જો પરિસ્થિતિ પહેલા જેવી જ હોત તો દેશની આ વધતી જતી આવક કૌભાંડોમાં ખોવાઈ ગઈ હોત. કેટલાક લોકોએ તેને પકડી લીધું હોત.’વધુમાં બજેટ અંગે વાડપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ‘મધ્યમ વર્ગ માટે ફ્રેન્ડલી બજેટ છે. તેના અમલીકરણ પછી, કપડાં, જૂતા, ટીવી, મોબાઈલ ફોન વગેરે જેવી ઘણી વસ્તુઓનું ઉત્પાદન સસ્તું થશે. મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન મળશે. ભારતના વિકાસમાં આપણા મધ્યમ વર્ગનો મોટો ફાળો છે.

### ‘ટીમ ઈન્ડિયા’એ રચ્યો

## સાઉથ આફ્રિકાને ૯ વિકેટ હરાવીને જીત્યો અંડર-૧૯ T20 વર્લ્ડ કપ

### સાઉથ આફ્રિકાને ૯ વિકેટથી હરાવીને સતત બીજી વખત ICC મહિલા અંડર-૧૯ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨ ।

ભારતીય મહિલા ટીમે અંડર-૧૯ T20 વર્લ્ડ કપની ટ્રોફી કબજે કરી લીધી છે. ભારતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૯ વિકેટે હરાવ્યું છે. ભારતે રવિવારે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૯ વિકેટથી હરાવીને સતત બીજી વખત ICC મહિલા અંડર-૧૯ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમે અંડર-૧૯ T20 વર્લ્ડ કપની ટ્રોફી કબજે કરી લીધી છે. ભારતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૯ વિકેટે હરાવ્યું છે. ભારતે રવિવારે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૯ વિકેટથી હરાવીને સતત બીજી વખત ICC મહિલા અંડર-૧૯ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. દક્ષિણ



આફ્રિકાના ૮૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૫૨ બોલ બાકી રહેતા ૧૧.૨ ઓવરમાં એક વિકેટે ૮૪ રન બનાવીને આસાન વિજય નોંધાવ્યો હતો. ગોંગાડી ત્રિશાએ ૩૩ બોલમાં અણનમ ૪૪ રન બનાવી ભારત તરફથી સૌથી વધુ સ્કોરર રહી હતી. સાનિકા ચાલ્કેએ પણ ૨૨ બોલમાં ૨૬ રનની અણનમ ઈનિંગ રમી હતી. આ પહેલા ત્રિશા (૧૫ રનમાં ત્રણ વિકેટ)ના નેતૃત્વમાં ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૦ ઓવરમાં ૮૨ રનમાં સમેટાઈ ગઈ હતી. પારુનિકા સિસોદિયા (છ રનમાં બે વિકેટ), આયુષી શુક્લા (નવ રનમાં બે વિકેટ) અને વૈષ્ણવી શર્મા (૨૩ રનમાં બે વિકેટ)એ પણ શાનદાર બોલિંગ કરી અને બે-બે વિકેટ લીધી.

## બલુચિસ્તાનમાં આતંકવાદીઓ અને સેના વચ્ચે એક મોટી અથડામણ થઇ

। (એજન્સી) પાકિસ્તાન, તા.૨ ।

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં આતંકવાદીઓ અને સેના વચ્ચે એક મોટી અથડામણ થઈ, જેમાં ૨૩ આતંકવાદીઓ અને ૧૮ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા. અશાંત પ્રાંતમાં ચાલી રહેલી અથડામણો વચ્ચે આર્મી ચીફ જનરલ સૈયદ અસીમ મુનીરે બલુચિસ્તાનની મુલાકાત લીધી. અહેવાલ મુજબ, સેના પ્રમુખને પ્રાંતની વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમની સાથે વરિષ્ઠ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓ પણ હાજર હતા. પાકિસ્તાન આર્મીની મીડિયા વિંગ, ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ અનુસાર, આર્મી ચીફે બલુચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતી અને ગવર્નર શેખ જાફર ખાન મંડોખેલને મળ્યા. તેમણે માર્યા ગયેલા સૈનિકોના અંતિમ સંસ્કારમાં પ્રાર્થના કરી અને ક્વેટાની સંયુક્ત લશ્કરી હોસ્પિટલ ખાતે ઘાયલ સૈનિકોની



મુલાકાત લીધી. જનરલ મુનીરે કહ્યું, ‘આ કહેવાતા કટ્ટરપંથીઓ કંઈ પણ કરી શકે છે, પરંતુ આપણા ગૌરવશાળી રાષ્ટ્ર અને તેના સશસ્ત્ર દળો દ્વારા તેમનો પરાજય થશે.’ બલુચિસ્તાન પ્રાંતમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અલગ-અલગ એન્કાઉન્ટરની ઘટનાઓ બની હોવાનું જાણવા મળે છે. આમાં ૨૩ આતંકવાદીઓ માર્યા ગયા, પરંતુ ૧૮ સુરક્ષા કર્મચારીઓ પણ શહીદ થયા. પાકિસ્તાની સેનાએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં અશાંત બલુચિસ્તાનના વિવિધ વિસ્તારોમાં આ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. શનિવારે હરનાઈ જિલ્લામાં આવા જ એક ઓપરેશનમાં, રાષ્ટ્રીય સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૧૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને અનેક આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. શુક્રવારે રાત્રે, સુરક્ષા દળોએ પ્રાંતના કલાત જિલ્લાના મંગોચર વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા રસ્તો રોકવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. ઉપરાંત, ૧૨ આતંકવાદીઓ માર્યા ગયા. સેનાએ કહ્યું, ‘છેલ્લા ૨૪ કલાકમાં બલુચિસ્તાનમાં વિવિધ કાર્યવાહીમાં કુલ ૨૩ આતંકવાદીઓ માર્યા ગયા છે.’ સેનાએ કહ્યું કે સુરક્ષા દળો ફક્ત બલુચિસ્તાનમાંથી જ નહીં પરંતુ સમગ્ર પાકિસ્તાનમાંથી આતંકવાદને નાબૂદ કરવા માટે કટિબદ્ધ છે. જોકે, આ હુમલાની જવાબદારી તાત્કાલિક કોઈએ લીધી નથી. નિવેદન અનુસાર, ઓપરેશન દરમિયાન ૧૮ સુરક્ષા કર્મચારીઓ પણ માર્યા ગયા હતા.

## ફીલાડેલ્ફીયામાં છ પ્રવાસીઓ સાથેનું વિમાન રહેણાંક વિસ્તારમાં તૂટી પડયું

। (એજન્સી) અમેરિકા, તા.૨ ।

ફીલાડેલ્ફીયા (યુ.એસ.) : એક ચાઈલ્ડ પેશન્ટ તેની માતા અને અન્ય ચારને લઈ જતું એક નાનું વિમાન શુક્રવારે સાંજે રન વે ઉપરથી ઉપર ચઢ્યું ત્યાં જ શહેરના બહારના ભાગમાં આવેલાં પરાં વિસ્તારમાં તૂટી પડતાં સળગી ઉઠયું. વિમાનમાં રહેલી દરેક વ્યક્તિઓ તો આગમાં ભડથું થઈ ગઈ હતી, પરંતુ તે આગ બાજુનાં મકાનોને પણ લાગતાં અનેકનાં મૃત્યુ થયાં હોવાની ભીતિ સેવાઈ રહી છે. ફીલાડેલ્ફિયાનાં એરપોર્ટથી



માત્ર ૩ માઈલ જેટલે દૂર આ ગમખ્વાર ઘટના બની હતી. એ એરપોર્ટ ફીલાડેલ્ફીયાનું મુખ્ય એરપોર્ટ નથી, તે અન્ય એરપોર્ટ છે જે મહદ્અંશે વ્યાપારી વિમાનો કે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ માટે જ વપરાય છે.પેન્સીલવાન્યાના ગવર્નર જોશ શેપિરોએ કહ્યું હતું કે તેણે ફીલાડેલ્ફીયાના મેયર સાથે વાત કરી હતી.

### રાષ્ટ્રપતિને 'Poor Lady' કહેવું ભારે પડ્યુ

## સોનિયા ગાંધી વિરુદ્ધ મુજફ્ફરપુર કોર્ટમાં કેસ નોંધવામાં આવ્યો

। (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૨ ।

મુઝફ્ફરપુરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધી, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ વિરુદ્ધ કથિત અભદ્ર ટિપ્પણી અંગે આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. મુઝફ્ફરપુરના એડવોકેટ ધીર કુમાર ઓઝાએ સીજેએમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે બજેટ ૨૦૨૫ સત્ર દરમિયાન સંબોધન પૂરું થયા પછી જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગૃહમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ તેમના વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. ફરિયાદીનું કહેવું છે કે આ ટિપ્પણી રાષ્ટ્રપતિ પદની ગરિમાનું અપમાન છે અને તેનાથી દેશની ભાવનાઓને ઠેસ પહોંચી છે. આ આધારે, ભારતીય દંડ સંહિતા ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### કોંગ્રેસ શાસિત તેલંગાણામાં બળવાના સંકેત

## ૧૦ ધારાસભ્યોએ ગોઠવી સીક્રેટ મીટિંગ, CM દોડતા થયા

। (એજન્સી) તેલંગાણા, તા.૨ ।

કોંગ્રેસ શાસિત તેલંગાણામાં બળવાના સંકેત મળી રહ્યા છે. તેલંગાણામાં કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક વિખવાદના સમાચાર સામે આવી રહ્યા છે. પાર્ટીના ૧૦ ધારાસભ્યોએ બંધ બારણે બેઠક યોજી હતી, જેનાના કારણે નેતૃત્વમાં ચિંતા વધી ગઈ છે. ત્યારે હવે આ મામલાની ગંભીરતાને જોતા મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ પાર્ટીના ધારાસભ્યોમાં વધી રહેલા અસંતોષને શાંત કરવા માટે કમાન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે પોતાના તમામ મંત્રીઓ સાથે ઈમરજન્સી બેઠક બોલાવી છે. આ ૧૦ ધારાસભ્યો મંત્રી પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીથી નારાજ હોવાની માહિતી સામે આવી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને મંત્રી પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીએ મુખ્યમંત્રી દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજરી આપવા માટે પોતાની પલેયર મુલાકાત રદ કરી દીધી છે. સીએમ રેવંત રેડ્ડીએ અધિકારીઓને બેઠકમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.

### WTOમાં મુદ્દો ઊઠાવવાની તૈયારી

## ટ્રમ્પના ટેરિફ વોર સામે ચીન, કેનેડા અને મેક્સિકો ભડક્યા

। (એજન્સી) અમેરિકા, તા.૨ ।

અમેરિકા દ્વારા આયાત ડ્યુટીમાં વધારો કરવા પર ભારે વિરોધ થઈ રહ્યો છે. ચીન, કેનેડા અને મેક્સિકોએ અમેરિકાના આ પગલાનો સખત વિરોધ કર્યો છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે રવિવારે કહ્યું હતું કે, તેમણે આયાતી માલ પર વધારાના ૧૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય સામે અસંતોષ વ્યક્ત કર્યો છે. ચીને એમ પણ કહ્યું કે તે અમેરિકાના આ ખોટા કાર્યવાહીના જવાબમાં વિશ્વ વેપાર સંગઠન માં ફરિયાદ નોંધાવશે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા વધારાની ડ્યુટી એકપક્ષીય રીતે લાદવી એ WTOO નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. તેમણે કહ્યું કે, આ પગલું માત્ર તેમની સમસ્યાઓ હલ કરવામાં નિષ્ફળ જશે એટલું જ નહીં પરંતુ બંને દેશો વચ્ચેના સામાન્ય આર્થિક અને વ્યાપાર સહયોગને પણ અવરોધ કરશે. ચીને અમેરિકાને વિનંતી કરી છે કે, તે તેના ફેન્ટાનાઈલ અને સંબંધિત મુદ્દાઓને ઉદ્દેશ્ય અને તર્કસંગત રીતે જુએ અને સમાધાન કરે.

# તટરક્ષક દળ અને ભારતીય સેના આપણું ગૌરવ, પ્રતિષ્ઠ અને સન્માન છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। ગાંધીનગર, તા.૨ ।

ભારતીય તટરક્ષક દળના ૪૯ મા સ્થાપના દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તટરક્ષક દળના અધિકારીઓ-કર્મચારીઓ અને પરિવારજનોને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા. આ અવસરે તેમણે કહ્યું કે, તટરક્ષક દળ અને ભારતની ત્રણેય સેનાઓ આપણું ગૌરવ છે, દેશની પ્રતિષ્ઠા છે અને રાષ્ટ્રનું સન્માન છે. ત્રણેય સેના અને ભારતીય તટરક્ષક રાષ્ટ્રની સરહદે સુરક્ષા માટે સજાગ છે એટલે જ આપણે ભારતીયો સુખ-ચૈનની નિંદ્રા માણી શકીએ છીએ. ભારતનો ચતુર્દિશામાં વિકાસ થઈ રહ્યો છે. ગાંધીનગરમાં



ભારતીય તટરક્ષકના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર દ્વારા તટરક્ષક દળના સ્થાપના દિવસ નિમિત્તે સ્વાગત સમારોહનું ભવ્ય આયોજન કરાયું હતું. તટરક્ષક દળની પરંપરા પ્રમાણે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, ભારતીય વાયુસેનાના દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાનના એર ઑફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એરમાર્શલ નર્મદેશ્વર તિવારી અને તટરક્ષક દળના મહાનિરીક્ષક શ્રી ટેકુર શશી કુમારની ઉપસ્થિતિમાં કોસ્ટગાર્ડના જવાનોએ કેક કટીંગ અને સૂર્યાસ્ત સેરેમની યોજી હતી. આ અવસરે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું.

ભારતીય કોસ્ટગાર્ડનો મૂળ મંત્ર છે, 'વયમ્ રક્ષામઃ'. આ મંત્રનો ઉલ્લેખ કરીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતીય તટરક્ષક અહર્નીશ દેશની રક્ષા માટે તત્પર રહે છે. પોતાના પ્રાણની પણ પરવા કર્યા વિના કોસ્ટગાર્ડ રાષ્ટ્ર માટે બલિદાન અને સમર્પણ ભાવથી સેવા માટે સદાય તત્પર રહે છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ સંસાર પરિવર્તનશીલ છે. જે આવ્યા છે તેમણે જવાનું જ છે, પરંતુ જન્મ અને મૃત્યુના સમય વચ્ચે જે લોકો દેશ માટે, સમાજ માટે, લોકોના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કરે છે તે સન્માનને પાત્ર બને છે, લોકોના હૃદયમાં સ્થાન મેળવે છે. ભારતીય તટરક્ષક રાષ્ટ્રભાવના સાથે જીવે છે અને સમર્પણભાવથી દેશની સેવામાં અવિરત કાર્યરત છે, આવા લોકો હંમેશા સન્માનને પાત્ર છે. લોકો તેમના પ્રત્યે ગર્વ અનુભવે છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, દેશની સીમાની સુરક્ષામાં વધારો કરવાના હેતુથી ૪૮ વર્ષ પહેલાં તટરક્ષક દળની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત દેશનો સૌથી મોટો સમુદ્ર કિનારો અને સમુદ્રી સીમા ધરાવે છે. વિશ્વના દેશોમાંથી તેલની આયાત પણ અહીંથી થાય છે. ત્યારે તટરક્ષક દળ સમુદ્રી સીમાઓની સુરક્ષામાં મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત આંતરિક અને બાહ્ય આપત્તિઓ સમયે, દરિયાઈ પર્યાવરણના રક્ષણમાં માછીમારોને બચાવવામાં, કુદરતી આપત્તિ સમયે લોકોને બચાવવામાં તથા ગેરકાનૂની રીતે આવતા વિદેશીઓને પકડવામાં તટરક્ષક અગત્યનો ભાગ ભજવે છે. તટરક્ષક દળ વિદેશમાંથી આવતા ડ્રગ્સને પકડીને યુવા પેઢીને બચાવવાનું કાર્ય કરે છે. આ પ્રસંગે ભારતીય સેનાના અધિકારીઓ, તટરક્ષક દળના અધિકારીઓ તેમજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બોટ પલટી જતાં ગુમ થઈ ગયા હતા

## કચ્છના મુધાન નજીક ખાડી વિસ્તારનો સર્વે કરવા ગયેલા કર્મીઓ ૧૬ કલાક બાદ મળ્યા

### ત્રણેય કર્મચારીઓ સુરક્ષિત મળી આવ્યા, જેનાથી એજન્સીઓ અને કંપનીના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

પાકિસ્તાનની સરહદે આવેલા કચ્છના લખપત તાલુકાના મુધાન નજીક ખાડી વિસ્તારનો સર્વે કરી રહેલા ખાનગી કંપની GHCL ના ત્રણ કર્મચારીઓ મોડી રાત્રે ખાડી વિસ્તારમાં બોટ પલટી જતાં ગુમ થઈ ગયા હતા. BSF અને પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા ૧૬ કલાકની શોધખોળ બાદ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પિલર નંબર ૧૧૭૦ પાસે ત્રણેય કર્મચારીઓ સુરક્ષિત મળી આવ્યા, જેનાથી એજન્સીઓ અને કંપનીના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.



મુધાન અને હાજીપીરના સરહદી વિસ્તારોમાં પાણીના સ્તરનો સર્વે કરી રહેલા GHCLના એન્જિનિયર કરણસિંહ ઋતુરાજસિંહ જાડેજા, સર્વેયર રવિન્દ્ર કાલુરામજી ખૈરેતિયા અને ઓપરેટર આદર્શકુમાર લાલપ્રસાદ શુક્રવારે સર્વે બાદ પાણીના સ્તર માપવા માટે આટપાટા ખાડી વિસ્તારમાં ગયા હતા. દરમિયાન, મોડી રાત્રે, તેમની બોટ અચાનક પલટી ગઈ અને આ ત્રણ કર્મચારીઓનો કંપનીના અધિકારીઓ સાથેનો સંપર્ક તૂટી ગયો. બીજી તરફ, ત્રણેય કર્મચારીઓ સાથે સંપર્ક તૂટી ગયા બાદ અધિકારીઓ પણ ચિંતિત બન્યા. કંપનીના અધિકારીઓએ તાત્કાલિક બીએસએફ, પોલીસ અને જિલ્લા કલેક્ટરનું ધ્યાન આ ઘટના તરફ દોર્યું. પાકિસ્તાન સરહદને અડીને આવેલા વિસ્તારમાંથી ત્રણ લોકો ગુમ થયા ત્યારે વિવિધ એજન્સીઓ પણ એક્શનમાં આવી ગઈ અને શનિવાર સવારથી જ આ ત્રણ કર્મચારીઓની શોધ શરૂ કરી દેવામાં આવી. ત્રણ કર્મચારીઓ ગુમ થયા બાદ, તેમણે શનિવારે સવારે લખપત બીએસએફ અને નારા પોલીસ સ્ટેશનના PSI વીડી ગોહિલનો સંપર્ક કર્યો અને પોલીસ અને BSFએ આ વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. શોધખોળ દરમિયાન, BSF જવાનોએ ગુમ થયેલા ત્રણેય કર્મચારીઓને પિલર નંબર ૧૧૭૦ નજીક આટપાટા ક્રીક વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા.

### ત્રણવાર ખાડા ખોદ્યા બાદ પણ પાઈપ નાખવાનું ભૂલી ગયા

। અમદાવાદ, તા.૨ ।

આપણે અનેક વાર સાંભળ્યું હશે કે તંત્રએ રોડ-રસ્તા પર જે કામ માટે ખાડા કર્યા હોય તે કામ બાકી જ રહી ગયું હોય અને તંત્રએ ખાડા પુરી દીધા હોય. આવી જ એક ઘટના વિરમગામથી સામે આવી છે.વાસ્તવમાં વિરમગામમાં તંત્રની બેદરકારી ગણો કે અણઆવડત, ડ્રેનેજના ખાડા ખોદ્યા બાદ પાઈપ નાખવાનુ જ ભૂલી ગયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક વિગતો મુજબ GUDC વિભાગે ડ્રેનેજ માટે ત્રણ વાર ખાડા કર્યા પણ પાઈપ નાખવાનું જ ભૂલી ગયા હતા.

જોકે અંતે ફરી JCBથી ખાડો ખોદી પાઈપ નાખવામાં આવ્યા હતા.અમદાવાદ જિલ્લાના વિરમગામમાં તંત્રનો ઘોર બેદરકારી સામે આવી છે. વિગતો મુજબ વિરમગામ શહેરના વોર્ડ-૮માં ભુગર્ભ ગટરના કામ ચાલી રહ્યા છે. GUDC દ્વારા ડ્રેનેજના પાઈપ નાખવા કામગીરી કરાઈ રહી છે. જોકે અગાઉ ૩ વખત ખાડાઓ ખોદ્યા પરંતુ અધિકારીઓ પાઈપ નાખવાનું જ ભૂલી ગયા હતા. આ તરફ અંતે ફરી JCB ખાડો ખોદી પાઈપ નાખવામાં આવ્યા હતા.

### કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતો

## જામનગરમાં ૧૯ વખત દારૂના ગુનામાં પકડાયેલો આરોપી ફરીથી દારૂની હેરાફેરી કરતા ઝડપાયો

### પોલીસ સ્ટેશનમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને વેચાણ અંગેના ૧૯ ગુના નોંધાયા છે, જેના પર પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી હતી

। (એજન્સી) જામનગર, તા.૨ ।

જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાંથી સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફે વોચ ગોઠવી ૧૯ જેટલા દારૂના ગુનામાં પકડાયેલા એક બુટલેગરને કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવા અંગે પકડી પાડયો છે. પોલીસે ૧૦૬ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીના જથ્થા અને કાર સાથે બે શખ્સોની અટકાયત કરી છે, જ્યારે ૨૩ જેટલા ગુનામાં સંડોવાયેલા નાઘેડીના રામ ઉર્ફે રામકો નામના શખ્સ એ સપ્લાય કર્યો હોવાથી તેને ફરારી જાહેર કરાયો છે.

આદરોડાની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર ૨૩૨ રોડ પર રહેતો કેયુર ઉર્ફે કઈલો ગિરીશભાઈ ડોબરીયા કે જેની સામે જામનગર શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને વેચાણ અંગેના ૧૯ ગુના નોંધાયા છે, જેના પર પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી હતી.



દરમિયાન સિટી સી. ડિવિઝનના પી.એસ.આઈ.આર.ડી ગોહિલ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઉપરોક્ત બુટલેગર દ્વારા એક કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે, અને નાઘેડી તરફથી કારમાં ઈંગ્લીશ દારૂ ભરીને જામનગરમાં આવી રહ્યો છે.

જે બાતમીના આધારે પોલીસ ટુકડીએ અયોધ્યા નગર શેરી નંબર ૬ પાસે વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન જીજે ટેન સી. એન. ૩૫૯૧ નંબરની ડસ્ટન કંપનીની 'રેડી ગો' કાર પસાર થતાં તેને અટકાવીને તલાસી લીધી હતી. જે કારમાંથી ૧૦૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે કાર અને ઈંગ્લિશ દારૂ સહિત રૂપિયા સવા લાખની માલમતા કબજે કરી હતી, જયારે કારની અંદર બેઠેલા કેયુર ઉર્ફે કઈલો ગિરીશભાઈ ડોબરીયા તેમજ તેના સાગરીત ગુમાનસિંહ તખુભા જાડેજાની અટકાયત કરી લેવામાં આવી છે. પોલીસ દ્વારા બંનેની પૂછપરછ ચલાવવામાં આવી હતી, જે દરમિયાન તેઓએ ઉપરોક્ત દારૂનો જથ્થો જામનગર નજીક નાઘેડી માં રહેતા રામ ઉર્ફે રામકો જીવાભાઈ મોઢવાડિયા નામના મેર જ્ઞાતિના શખ્સએ સપ્લાય કર્યો હોવાનું કબુલ્યું હતું. જે આરોપી સામે દારૂ અને મારા મારી સહિતના ૨૩ ગુનાઓ અલગ અલગ પોલીસ મથકમાં નોંધાઈ ચૂક્યા છે. જેને ઉપરોક્ત દારૂના કેસમાં ફરારી જાહેર કરાયો છે અને પોલીસ તેને શોધી રહી છે.

### મુંબઈથી ટ્રેનમાં બેસી પાલીતાણા ખાતે જાત્રાએ ગઈ હતી

## જાત્રાએથી પરત ફરતા મુંબઈની મહિલાએ ૧૦.૨૦ લાખની મત્તા ટ્રેનમાં ગુમાવી

। (એજન્સી) પાલીતાણા, તા.૨ ।

પાલીતાણા એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાં ઊંઘી ગયેલી એક મહિલાના પર્સની ચોરી કરી ચોરોએ પર્સમાંથી ૧૦.૨૦ લાખ કિંમતની મત્તા ચોરીને પર્સ શૌચાલયમાં નાખી દીધું હતું. વેસ્ટ મુંબઈમાં ઘાટકોપર વિસ્તારમાં આવેલ પરમાનંદ પવનમાં રહેતા રીટાબેન દેવેન્દ્રભાઈ મહેતાએ રેલવે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા.૨૧ ના રોજ સાંજે મારા પતિ અને દીકરીઓની સાથે મુંબઈથી ટ્રેનમાં બેસી પાલીતાણા ખાતે જાત્રાએ ગઈ હતી અને જાત્રા પૂર્ણ થતાં સોનગઢ ભાવનગરથી ટ્રેનના એસી કોચમાં બેસી અમો પરત મુંબઈ જતા હતા. રાત્રે ૧૧:૦૦ વાગે હું મારું કાળા કલરનું પર્સ સીટ ઉપર માથાની બાજુમાં મૂકી ઊંઘી ગઈ હતી. તા. ૨૪ ની રાત્રે ૨:૦૦ વાગે ટ્રેનના ટીટીઇએ મારી સીટ પાસે આવીને જણાવેલ કે તમારૂ પર્સ ચોરી થયું છે જે બાથરૂમમાં પડ્યું છે. બાથરૂમમાં જોતા તેમાં આધાર કાર્ડ છે જેથી હું તમને કહું છું. બાદમાં મેં શૌચાલયમાં જઈને જોતા તે ખાલી હતું અને અંદર મુકેલ દસ્તાવેજો વેર વિખેર પડેલા હતા. આ પર્સમાં રોકડા રૂપિયા ૭૦,૦૦૦ તેમજ આઠ લાખ કિંમતનો હીરાના પેન્ડલ સાથેનો સોનાનો હાર અને ગોલ્ડન કલરનો દોઢ લાખ કિંમતનો iphone મળી કુલ ૧૦.૨૦ લાખની કિંમતી વસ્તુઓ હતી.

## દાહોદમાં મહિલાને અર્ધ નગ્ન હાલતમાં ગામમાં ફેરવનાર ૫ આરોપીઓ ઝડપાયા

### મહિલાને ઝડપી ન્યાય મળે તેને લઈ ઝડપી કાર્યવાહી પણ કરવામાં આવશે, મહિલાનું પણ નિવેદન લેવામાં આવ્યું છે

। (એજન્સી) દાહોદ, તા.૨ ।

દાહોદમાં મહિલાને અર્ધ નગ્ન હાલતમાં ગામમાં ફેરવી તેને માર મારવાની ઘટનામાં તમામ ૧૫ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે,જેમાં પોલીસે આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કર્યુ હતુ, પોલીસે પીડિતાના સસરા, કાકા સસરા,દિયર, મામા સસરા, સાસુ સહિત ૧૫ને ઝડપ્યા છે અને વધુ તપાસ હાથધરી છે. આ સમગ્ર કેસને લઈ દાહોદ એસપીનું નિવેદન સામે આવ્યું છે તેમનું કહેવું છે કે,મહિલાઓ ઉપર અત્યાચારમાં પોલીસે તેમના પિયરના સભ્યોની ધરપકડ કરી છે,ગુજરાત અને દાહોદ પોલીસ મહિલાઓના ભાઈ છે તો પીડિતા માનભેર જીવી શકે તે માટે પુનઃસ્થાપન કરાશે પીડિત મહિલાની રોજગારી માટેની વ્યવસ્થા દાહોદ પોલીસ કરશે તેમજ મહિલાને ઝડપી ન્યાય મળે તેને લઈ ઝડપી કાર્યવાહી પણ કરવામાં આવશે,મહિલાનું પણ નિવેદન લેવામાં આવ્યું છે.દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના એક ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ૩૫ વર્ષીય પરિણીત મહિલા પર સ્થાનિક લોકોએ અમાનવીય અત્યાચાર ગુજાર્યો હતો. મહિલા પર ગામના એક યુવક સાથે પ્રેમસંબંધ હોવાનો આરોપ મૂકી ૧૫ લોકોના ટોળાએ તેને નિર્વસ્ત્ર કરી ઢોરમાર મારી અને બાઈક પાઠળ સાંકળથી બાધી રોડ પર ઢસડી હતી. મહિલા પર અમાનવીય અત્યાચારનો વીડિયો પણ સામે આવ્યો હતો. મહિલાને આરોપીઓએ તેના સસરાના ઘરે ગોંધી રાખી હતી જેનું રેસ્ક્યૂ કરાયું હતું. ૧૨ જેટલા આરોપીઓની ત્યારે જ ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ચાર પુરુષ, ચાર મહિલા અને ચાર બાળ કિશોર આરોપી છે. જેમની સામે અપહરણ, ગેરકાયદે ગોંધી રાખવાનો, મહિલાને માર મારવાનો, તેમની ગરીમાને નુકસાન જાય એ પ્રકારનું કૃત્ય આચરવાનો અને ઈન્ફોરમેશન ટેક્નોલોજી એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**વિશેષ**

### કાંઠા વિસ્તારમાં ગામ આવેલું હોવાથી ખારું પાણી નીકળતા પડકારજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે


## પુરુષ અને ખેતી પ્રધાન દેશમાં મહિલા ખેડૂતો કાઠુ કાઢી રહી છે, વલસાડના માલવણની મહિલા ખેડૂતે વિષમ સ્થિતિમાં કરી સમૃદ્ધ પ્રાકૃતિક ખેતી

। (માહિતી) વલસાડના ।

"ભારત કૃષિ પ્રધાન દેશ કહેવાય છે", જેમાં મોટેભાગે પુરૂષો જ ખેતી કરતા આવ્યા હતા પરંતુ સાંપ્રત સમયમાં બદલાવ આવ્યો છે. હવે સ્ત્રીઓ પણ કૃષિ ક્ષેત્રે આર્થિક ઉન્નતિ કરી પ્રગતિ સાધી રહી છે. બદલાતા જતા પરિપ્રેક્ષ્યમાં મહિલાઓ પણ પુરુષ સમોવડી બની કૃષિ ક્ષેત્રે નામના મેળવી રહી છે. આવા જ એક મહિલા ખેડૂત છે કે જેમણે અશક્યને શક્ય બનાવ્યું છે. વલસાડ જિલ્લો અરબી સમુદ્રના કાંઠે વસેલો છે એટલે કાંઠા વિસ્તારમાં આવેલા ગામોમાં સ્વભાવિકપણે ખારપાટ જમીન હોય.







સિંચાઈ માટે બોરિંગ કરવો હોય તો તેમાંથી ખારું પાણી નીકળે. આવી પડકારજનક પરિસ્થિતિ વચ્ચે વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા માલવણ ગામના કેવડિયા ફળિયાના મહિલા ખેડૂત હીનાબેન રાજેશભાઈ પટેલે રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી પ્રાકૃતિક ખેતીની રાહ અપનાવી અન્ય મહિલા ખેડૂતોને પ્રેરણા પુરી પાડી છે. ખેતરમાં બમણો પાક થાય અને આવક વધે તે માટે મોટેભાગે ખેડૂતો રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાનો છંટકાવ કરતા હોય છે જેને કારણે જમીનનું સ્વાસ્થ્ય તો બગડતું જ હોય છે પરંતુ સાથે સાથે આ ખેત પેદાશ આરોગવાથી શરીરમાં અનેકવિધ રોગો થવાની પણ સંભાવના વધી જાય છે. જેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી સ્વસ્થ તંદુરસ્ત જીવન અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કરતા હવે મહિલા ખેડૂતો પણ મેદાનમાં આવી છે. વડાપ્રધાનશ્રી દ્વારા સખી મંડળની બહેનોને પણ પ્રાકૃતિક ખેતી માટે પ્રેરણા આપવામાં આવતા વલસાડ જિલ્લામાં પણ મહિલાઓ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે પ્રગતિના સોપાનો સર કરી રહી છે. જેનું જીવંત ઉદાહરણ માલવણના હીનાબેન પટેલ પૂરું પાડી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી કરી રહેલા પ્રગતિશીલ મહિલા ખેડૂત હીનાબેન પટેલે જણાવ્યું કે, પહેલા બજારથી શાકભાજી લાવતા હતા પરંતુ આ શાકભાજી રાસાયણિક ખાતરથી પકવેલી હોવાથી અનેકવિધ બીમારીને આમંત્રણ મળતું હોય છે જેથી પોતાના ઘરે જ પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો દ્વારા ખેતી કરવાનું વિચાર્યું હતું. જે માટે નવસારી આત્મા પ્રોજેકટમાં ફરજ બજાવતા મારા સંબંધી અનિતાબેન વી. પટેલ અને વલસાડ આત્મા પ્રોજેકટમાં ફરજ બજાવતા શિતલબેન ટંડેલ દ્વારા પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મળતા વર્ષ ૨૦૨૦માં પા પા પગલીથી શરૂઆત કરી હતી. આજે દોઢ વીંઘા જમીન પર રીંગણ, મરચા, ટામેટા, કોબી, ફલાવર, પાલક, મેથી, ધાણા સહિતની વિવિધ શાકભાજી પાકોની ખેતી કરું છું. આ સિવાય ૭૦ જેટલી આંબા કલમ છે. પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગી જીવામૃત હું જાતે જ ઘરે બનાવું છું. આ સિવાય ઘરે દેશી ગાય છે જેના ગૌમૂત્ર અને છાણનો ઉપયોગ ખેતી માટે અમૃત સમાન ગણાય છે. જેના દ્વારા પાકનું ઉત્પાદન પણ વધે છે અને સ્વાદ પણ સારો આવે છે. મારા ઘરે ગામના લોકો પણ શાકભાજી ખરીદી અર્થે આવે છે જેથી માર્કેટ સુધી ખેત પેદાશ વેચવા જવાની જરૂર પડતી નથી. સિંચાઈ વિશે હીનાબેન કહે છે કે, ગામ કાંઠા વિસ્તારમાં આવેલું હોવાથી જમીન ખારપાટ છે જેથી પિયત માટે બોરિંગ કરાવીએ તો ખારું પાણી આવે છે જેથી સિંચાઈ માટે બાજુમાંથી પસાર થતી નદીમાંથી પાણી લઈએ છે. અન્ય ખેડૂતોને પણ પ્રેરણા આપતા હીનાબેન જણાવે છે કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ એક વાર ખેતીમાં કરીએ એટલે બીજીવાર પણ કરવો પડતો હોય છે, જેના કારણે જમીન બંજર બની જાય છે. પ્રાકૃતિક ખેતીના જીવામૃત અને બીજામૃત એટલી બધી તાકાત છે કે, પાક પણ સારો આપે છે અને જમીન પણ ફળદ્રુપ બનાવે છે. રાજ્ય સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ માટે દર મહિને મને રૂ. ૯૦૦ની સહાય મળે છે જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માની સૌ ખેડૂતો ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક ખેતી કરી સ્વસ્થ અને સમૃધ્ધ રાષ્ટ્ર બનાવવા અનુરોધ કરૂ છું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના જુઠ્ઠાણાંનો પર્દાફાશ

# ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં વિદેશી રાષ્ટ્રની સંડોવણીના પુરાવા નહીં: કેનેડિયન તપાસ પંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ભારત પર પાયાવિહોણા આક્ષેપો કરનારા કેનેડાના વિદાય લઈ રહેલાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના જુઠ્ઠાણાંનો પર્દાફાશ કેનેડિયન સરકારના જ એક રિપોર્ટમાં કરાયો છે. કેનેડાના એક પંચના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં વિદેશી રાષ્ટ્રનો હાથ હોવાનું પુરવાર કરતી કોઈ ચોક્કસ કડી મળી નથી. ઉલ્લેખનીય છે કે, ટ્રુડોએ સપ્ટેમ્બર, ૨૦૨૩માં આક્ષેપ કર્યો હતો કે, બ્રિટિશ કોલંબિયામાં કરાયેલી નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટ્સનો હાથ હોવા અંગે કેનેડા પાસે પુરતા નક્કર પુરાવા છે. જોકે તાજેતરમાં પ્રકાશિત થયેલાં 'પબ્લિક ઈન્કવાયરી ઈનટુ ફોરેન ઈન્ટરફેસ ઈન ફેડરલ ઈલેક્ટોરલ પ્રોસેસ એન્ડ ડેમોક્રેટિક ઈન્સ્ટિટ્યૂશન્સ' (સંઘીય ચૂંટણી પ્રક્રિયા તથા લોકશાહીની સંસ્થાઓમાં વિદેશી હસ્તક્ષેપની જાહેર તપાસ), નામના અહેવાલમાં, વિદેશી સંડોવણી અંગેની કોઈ કડી હોવાનો ઈનકાર કરાયો છે. રિપોર્ટ જારી કરનારા કમિશનર મેરી- જોસી હોગે નોંધ્યું છે કે, રાષ્ટ્રના હિતથી વિપરીત નિર્ણયોની સજા માટે બદલો લેવાની યુક્તિ તરીકે ખોટી માહિતીનો ઉપયોગ કરાય છે. અહેવાલના તારણોમાં એમ પણ જણાવાયું છે કે, ટ્રુડોની જાહેરાત પછી ભારતે કદાચ ખોટી માહિતી ફેલાવી હોઈ શકે. અહેવાલમાં નોંધ્યા અનુસાર, વડાપ્રધાન ટ્રુડો દ્વારા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની કથિત સંડોવણીની શંકા અંગે જાહેરાત કર્યા બાદ આ ખોટી માહિતીનું અભિયાન ચલાવાયું હોઈ શકે. અહેવાલમાં કેનેડા દ્વારા ભારતના રાજદૂતોને હાંકી કાઢવાનો પણ ઉલ્લેખ કરાયો છે.

કેનેડા વિરુદ્ધ ચલાવાયેલા અભિયાનની પ્રતિક્રિયા સ્વરૂપે, ઓક્ટોબર, ૨૦૨૪માં કેનેડાએ ભારતના છ રાજદૂતો અને કોન્સ્યુલર અધિકારીઓને હાંકી કાઢ્યાં હતાં.

### બ્રિટનમાં શરિયા કાયદાનો પ્રભાવ ઝડપથી વધી રહ્યો છે

# બ્રિટન પરમાણુ શસ્ત્રો ધરાવતું ઇસ્લામિક રાષ્ટ્ર બનશે: બ્રેવરમેન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।




બ્રિટનમાં શરિયા કાયદાનો પ્રભાવ ઝડપથી વધી રહ્યો છે. આ બાબતને લઈને ભૂતપૂર્વ બ્રિટિશ ગૃહ સચિવ સુએલા બ્રેવરમેને તાજેતરમાં એક વિવાદાસ્પદ ભાષણમાં કહ્યું હતું કે બ્રિટનને ફરીથી મહાન બનાવવું જોઈએ. બ્રેવમેને આ ભાષણ વોશિંગ્ટન સ્થિત જમણેરી થિંક ટેન્ક "હેરિટેજ ફાઉન્ડેશન" ના એક કાર્યક્રમમાં આપ્યું હતું, જ્યાં તેમણે બ્રિટન ઈસ્લામિક કટ્ટરવાદના હાથમાં જવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે જો બ્રિટનમાં પરિસ્થિતિ નહીં બદલાય, તો બ્રિટન મુસ્લિમ કટ્ટરવાદના હાથોમાં સરી શકે છે અને આગામી બે દાયકામાં દેશ ઈરાનની જેમ 'પશ્ચિમ વિરોધી શક્તિ' બની શકે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૨૦ વર્ષ પછી, અમેરિકા માટે સૌથી મોટો ખતરો ચીન કે રશિયા નહીં, પણ બ્રિટન પોતે જ હોઈ શકે છે. તેમણે દાવો કરતાં વધુમાં કહ્યું હતું કે બ્રિટનની વર્તમાન નેતૃત્વ વ્યવસ્થા સંપૂર્ણપણે નબળી પડી ગઈ છે, જેના કારણે દેશ એક ગંભીર ખતરા તરફ આગળ વધી રહ્યો છે.બ્રેવમેને પોતાના ભાષણમાં શરિયા કાયદાનો ઉલ્લેખ કરતા દાવો કર્યો કે તે બ્રિટનમાં ફેલાઈ રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે જો બ્રિટન કટ્ટરપંથી દળોના હાથમાં આવી જાય, તો તેની પરમાણુ ક્ષમતા ઈરાન જેવા શાસન ધરાવતા બીજા ઉગ્રવાદી જૂથના હાથમાં આવી શકે છે. બ્રેવમેને પોતાના ભાષણમાં યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી.ના શબ્દોને ટાંક્યાં હતાં.

### આ ઘટના ફરિયાદીની ચેમ્બરની અંદર બની હતી: સુપ્રીમ

# ઘટના જાહેરમાં બની નથી: સુપ્રીમ કોર્ટે SC-ST એક્ટ હેઠળની ફરિયાદ રદ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



સુપ્રીમ કોર્ટે એસસી/એસટી કાયદા હેઠળ એક વ્યક્તિ સામે થયેલી ફરિયાદ એમ કહી રદ કરી હતી કે કથિત ઘટના જાહેરમાં બની નહોતી. જસ્ટિસ બી.આર. ગવઈ તથા ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે આ મામલે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતી અને અનુસૂચિત જનજાતી (અત્યાચાર નિવારણ) કાયદો, ૧૯૮૯ અનુસાર, આરોપીએ એસસી અથવા એસટી સમુદાયના સભ્યનું અપમાન કરવાના આશયે તેનું જાહેરમાં ઈરાદાપૂર્વક અપમાન કર્યુ હોય અથવા તેને ધમકી આપી હોય તે સ્થાપિત કરવું જરૂરી છે. આ ઉપરાંત કાયદાની કલમ 3(1)(s) અંતર્ગત ગુનો થયાનું પુરવાર કરવા આરોપીએ કોઈ પણ પ્રકારે જાહેરમાં એસસી અથવા એસટી સમુદાયના સભ્યને તેની જાતીનું નામ લઈ તેને અપશબ્દો કહ્યાં હોય તે જરૂરી છે. આ ઘટના જાહેર સ્થળે નહીં બની હોવાથી તે એસસી-એસટી એક્ટની કલમ ૩(1)(r) અથવા ૩(1)(s)ની જોગવાઈઓ અંતર્ગત આવતી નથી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, એફઆઈઆરમાં એવો આક્ષેપ કરાયો છે કે, આ ઘટના ફરિયાદીની ચેમ્બરની અંદર બની હતી અને ત્યારબાદ તેના અન્ય સહકર્મીઓ ઘટનાસ્થળે આવ્યાં હતાં. ફેબ્રુઆરી, ૨૦૨૪ના મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને પડકારતી એક વ્યક્તિના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. ફરિયાદ પક્ષના આક્ષેપ અનુસાર, સપ્ટેમ્બર, ૨૦૨૧માં આ વ્યક્તિએ તેના પિતાની જમીન મામલે રેવન્યુ ઈન્સ્પેક્ટર તરીકે કાર્યરત ફરિયાદીનો સંપર્ક કર્યો હતો. જ્યાં બંને વચ્ચે ઉગ્ર બોલચાલ થતાં અરજદારે ફરિયાદીને જાતી સંબંધિત અપશબ્દો કહ્યાં હતાં. જેને પગલે ફરિયાદીએ રેવન્યુ ઈન્સ્પેક્ટર વિરુદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરતા ટ્રાયલ કોર્ટે રેવન્યુ ઈન્સ્પેક્ટર વિરુદ્ધ ફોજદારી કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

# દિલ્હીમાં હાડ થીજવતી ઠંડીમાં ૪૭૪ બેઘરના મોત

### દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશ્નરને નોટિસ ફટકારીને એક અઠવાડિયાની અંદર વિસ્તૃત રિપોર્ટ માગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



ડિસેમ્બરથી મધ્ય જાન્યુઆરીની વચ્ચે હાડ થીજવતી ઠંડીમાં દિલ્હીના રસ્તાઓ અને ફૂટપાથો પર ૪૭૪ બેઘરોએ જીવ ગુમાવ્યા. આની પર રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશને (એનએચઆરસી) પોતે ધ્યાન આપતાં દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશ્નરને નોટિસ ફટકારીને એક અઠવાડિયાની અંદર વિસ્તૃત રિપોર્ટ માગ્યો છે. એનએચઆરસી અનુસાર બેઘર લોકોની વચ્ચે કામ કરનાર અને બિન સરકારી સંગઠન સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ (સીએચડી)ના એક રિપોર્ટ અનુસાર દિલ્હીમાં આ શિયાળામાં ૫૬ દિવસની અંદર લગભગ ૪૭૪ લોકોએ જીવ ગુમાવ્યા. ગરમ વસ્ત્રો, ધાબળા અને પૂરતો આશ્રય જેવી જરૂરી સુરક્ષાત્મક ઉપાયોની ગેરહાજરીના કારણે આ મોત ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરથી આ વર્ષે ૧૦ જાન્યુઆરીની વચ્ચે થયા છે. આયોગે જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાનીમાં ઘણા આશ્રય ગૃહ સમુચિત માગને પૂરી કરવામાં અસમર્થ છે અને જે ઉપલબ્ધ છે, તેમાંથી મોટાભાગમાં જરૂરી સુવિધાઓનો અભાવ છે. જેનાથી વ્યક્તિ કડકડતી ઠંડીમાં રહેવા મજબૂર થઈ જાય છે. રસ્તા પર રહેતાં લોકો વિશે એ પણ વાત સામે આવી છે કે તે યોગ્ય મેડીકલ સારવાર અને સારસંભાળના અભાવમાં શ્વસન સંક્રમણ, ત્વચા સંબંધિત બીમારીઓ અને બગડતા માનસિક આરોગ્ય સહિત ઘણા આરોગ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે. શિયાળામાં સૌથી વધુ મોત રેલવે સ્ટેશન પરિસરોમાં નોંધવામાં આવ્યા હતા. જેમાં આનંદ વિહાર, શાકભાજી બજાર, હજરત નિઝામુદ્દીન, સરાય રોહિલા, દિલ્હી કેન્ટ સહિત અન્ય સ્ટેશન છે, જ્યાં ૧૦૦ મોત નોંધાયા હતા. તે બાદ વધુ મોત ઉત્તર દિલ્હી જિલ્લામાં નોંધાયા. શાકભાજી બજાર, કાશ્મીરી ગેટ, કોતવાલી, લાહોરી ગેટ, સિવિલ લાઈન્સ, બાડા હિન્દુરાવ, સદર બજાર, તિમારપુર, સરાય રોહિલા, વજીરાબાદ, ગુલાબી બાગ સહિત અન્ય સ્થળોમાં નવેમ્બરથી અત્યાર સુધી ૮૩ મોત થયા હતા. મધ્ય દિલ્હીના દરિયાગંજ, પહાડગંજ, નબી કરીમ, જામા મસ્જિદ, હૌજ કાજી, રાજેન્દ્ર નગર, પટેલ નગર, કમલા માર્કેટ, કરોલબાગ સહિત અન્ય વિસ્તારોમાં ૫૪ બેઘરોના મોત શિયાળામાં નોંધાયા. સીએચડીના કાર્યકારી ડાયરેક્ટર સુનીલ અલેડિયાના જણાવ્યા અનુસાર બેઘરોના મોતના આ આંકડા દિલ્હી પોલીસ નેટવર્ક (જિપ નેટ) દ્વારા સંકલિત છે.

### 'યોગ્યતા વગરના લોકો અમેરિકામાં ખડકાઇ રહ્યા છે': અમેરિકી પ્રમુખે ફરી સ્પષ્ટતા કરી

# અમેરિકામાં જન્મજાત નાગરિકતાનો કાયદો ગુલામો માટે હતો: ડોનાલ્ડ ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।



અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મજાત નાગરિકતા અંગેનું કડક વલણ ફરી સ્પષ્ટ કર્યું છે. તેમણે જણાવ્યું કે, જન્મની સાથે નાગરિકતાનો કાયદો ગુલામોના બાળકો માટે હતો, સમગ્ર વિશ્વ માટે અમેરિકા આવીને ભીડ કરવા માટે નહીં.ટ્રમ્પે શપથવિધીના દિવસે જ જન્મજાત નાગરિકતા વિરુદ્ધ સરકારી આદેશ જારી કર્યો હતો. જોકે, સિએટલની કોર્ટે બીજા જ દિવસે ટ્રમ્પના આદેશને રદ કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું છે કે, તે ચુકાદા સામે અપીલ કરશે. ગુરુવારે તેમણે સુપ્રીમ કોર્ટનો ચુકાદો પોતાની તરફેણમાં આવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "તમે ભૂતકાળ જોશો તો જણાશે કે આ કાયદો ગુલામોના બાળકો માટે બનાવાયો હતો. તેનો હેતુ આખી દુનિયાના લોકોને અમેરિકામાં ભેગા કરવાનો ન હતો. અત્યારે દુનિયાભરમાંથી લોકો આવી રહ્યા છે. તે બિલકુલ યોગ્યતા ધરાવતા નથી અને કદાચ તેમના બાળકો પણ એવા જ હશે. કાયદો તેના માટે ન હતો."ટ્રમ્પે જણાવ્યું હતું કે, "મને લાગે છે કે, અમે સુપ્રીમ કોર્ટમાં કેસ જીતીશું." ચાલુ સપ્તાહે રિપબ્લિકન પાર્ટીના સેનેટર્સે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અને કામચલાઉ વિઝા ધરાવતા નોન-ઈમિગ્રન્ટ્સના બાળકોને જન્મજાત નાગરિકતાનો અધિકાર નહીં આપવા ખરડો રજૂ કર્યો હતો. સેનેટર્સ લિંડસે ગ્રેહામ, ટેડ ક્રૂઝ અને કેટી બ્રિટે આ બિલ રજૂ કર્યુ હતું. અમેરિકાની ગણના વિશ્વના માત્ર એવા ૩૩ દેશમાં થાય છે જ્યાં જન્મજાત નાગરિકતા પર કોઈ નિયંત્રણ નથી. સેન્ટર ફોર સ્ટડીઝના અંદાજ મુજબ ૨૦૨૩માં અમેરિકામાં ગેરકાયદે રહેતા ઈમિગ્રન્ટ્સે ૨,૨૫,૦૦૦થી ૨,૫૦,૦૦૦ બાળકોને જન્મ આપ્યો હતો. તે અમેરિકાના કુલ જન્મદરના લગભગ સાત ટકા છે. અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર શનિવારે ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની યોજના જાહેર કરી છે. તે ચીન સામે પણ આવાં પગલાં અમલી બનાવવાની પ્રક્રિયામાં છે. તેમણે ગુરુવારે વ્હાઈટ હાઉસમાં જણાવ્યું હતું કે, "અમે ઘણા કારણોસર કેનેડા અને મેક્સિકો પર ટેરિફ જાહેર કરવાના છીએ."

### ચીનની અવળચંડાઇ

# સરહદ પાસેની આઉટપોસ્ટ પર વીજ સપ્લાય વધાર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત અને ચીન વચ્ચે કેટલાક વર્ષો પછી સંબંધો ફરીથી સુધરવાની આશા જાગી હતી. પરંતુ ફરીથી ચીનની અવળચંડાઇ જોવા મળી રહી છે, અને હવે ચીને સરહદની પાસે નવો ખેલ શરૂ કરી દીધો છે. પીપલ્સ લિબરેશન આર્મી(ચીનની સેના)એ ઉચ્ચ ઊંચાઇ વાળા ક્ષેત્રો સહિત કઠિન પરિસ્થિતિઓ વાળા વિસ્તારોમાં સરહદ પાસેની ચોકીઓ સુધી વીજળી સપ્લાય વધારી દીધો છે. પીએલએ ડેઈલીએ જણાવ્યું હતું કે ઝિંજિયાંગ ઉઈગર સ્વાયત્ત ક્ષેત્રના જેદુલ્લા અને તિબ્બેટ સ્વાયત્ત ક્ષેત્રના ન્ગારી પ્રાંતમાં સરહદી ચોકીઓને ચીન-ભારત સરહદ પર વ્યૂહાત્મક ક્ષેત્રની સંપૂર્ણપણે રાષ્ટ્રીય વીજળી ગ્રિડથી કવર કરાઇ હતી. બોર્ડરના આઉટપોસ્ટ્સ પર વીજળી સપ્લાય વધારીને ચીને પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાની કવાયત શરુ કરી દીધી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મોટાભાગની ચોકીઓ (આઉટપોસ્ટ્સ) દ્વારા ઉપયોગમાં લેવાતી વીજળી અને નવીકરણીય ઉર્જા સૈનિકોને શિયાળામાં ગરમ અને સુરક્ષિત રહેવામાં મજબૂત સહાય પ્રદાન કરશે. ચીનના રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ નવતર પહેલને લીધે ઉચ્ચ ઊંચાઇ પરની ચોકીઓ પર ફરજ બજાવતા સૈનિકોની લાંબા સમયની સમસ્યાઓનો હલ તશે. જેમાં પીવાના પાણી, હીટિંગ, સ્નાન અને ઓક્સીજન સહિતની સુવિધા મળી શકશે.ચીન લાંબા સમયથી સરહદ પરના સૈનિકોને સપ્યાલ કરાતા વીજ પુરવઠાને વધુ સારો કરવાનો કોશિશમાં લાગ્યું છે.

### મેક્સિકોએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફનો જવાબ આપ્યો છે

# અમેરિકાની ચીજવસ્તુઓ પર ટેરિફ લાદીશું: મેક્સિકોના પ્રમુખ શેનબૌમ

### યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મેક્સિકો અને ચીન સામે નવા ટેરિફ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે

। (એજન્સી) યુએસ, તા.૨ ।




મેક્સિકોએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફનો જવાબ આપ્યો છે. મેક્સિકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા મેક્સિકન માલસામાન પર ટેરિફ લાદવામાં આવ્યા બાદ તેમણે દેશના અર્થતંત્ર મંત્રીને મેક્સિકોના હિતોના રક્ષણ માટે ટેરિફ અને નોન-ટેરિફ પગલાં અમલમાં મૂકવાનો આદેશ આપ્યો છે. ડાબેરી નેતા ક્લાઉડિયા શેનબૌમે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે તણાવને શાંત કરવાનો વારંવાર પ્રયાસ કર્યો છે. તેમણે ઓક્ટોબરમાં મેક્સિકોના રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ તેમની સરકારના કામની પ્રશંસા કરી હતી. શેનબૌમે જણાવ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન, ઘાતક સિન્થેટિક ઓપીયોઈડ ફેન્ટાનાઈલના ૨૦ મિલિયન ડોઝ જપ્ત કરવામાં આવ્યા હતા, અને ડ્રગ હેરફેરના આરોપી ૧૦,૦૦૦૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મેક્સિકો અને ચીન સામે નવા ટેરિફ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે ચીનમાંથી તમામ આયાત પર ૧૦ ટકા ટેરિફ અને મેક્સિકોથી આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદવા માટે આર્થિક કટોકટી જાહેર કરી. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ કેનેડિયન માલ પર ભારે ડ્યુટી લાદવાના તેમના વચનનું પાલન કરશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે યુ.એસ.માં સિન્થેટિક ઓપીયોઈડ ફેન્ટાનાઈલની દાણચોરી અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના પ્રવેશને રોકવામાં શેનબૌમ સરકારની નિષ્ફળતાને કારણે તેમણે મેક્સીકન માલ પર ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો.

ટેરિફ અમેરિકાના બે સૌથી મોટા વેપારી ભાગીદારો કેનેડા અને મેક્સિકો સાથે આર્થિક અવરોધ તરફ દોરી જવાની ધમકી આપે છે. બંને દેશો બદલો લેવાની સંભાવના સાથે, યુએસ સાથેના તેમના દાયકાઓ જૂના વેપાર સંબંધો બગડી શકે છે.

### તુલસી માર્ગ પર સ્થિત કલ્પવાસીના તંબુમાં આગ લાગી

# પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ફરીથી આગ લાગી

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મહાકુંભ ૧૪૪ વર્ષ પછી આવ્યો છે. આ વખતે અનેક અપ્રિય ઘટનાઓ પ્રકાશમાં આવી છે. મહા કુંભ મેળામાં આગની અનેક ઘટનાઓ બની છે. દરમિયાન શનિવારે રાત્રે સેક્ટર ૧૮માં પણ આગ લાગવાના સમાચાર સામે આવ્યા છે. તુલસી માર્ગ પર સ્થિત કલ્પવાસીના તંબુમાં આગ લાગી છે. જેના કારણે ટેન્ટમાં રાખેલો સમગ્ર સામાન બળીને રાખ થઈ ગયો હતો. પોલીસ તપાસ મુજબ આગ સિલિન્ડર લીકેજના કારણે લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં કલ્પવાસીએ જાતે જ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ આગની ઝપેટમાં કલ્પ વાસીના કલ્પવાસીને લગતી રૂ. ૭૭ હજારની રોકડ અને સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગના કારણે બે ટેન્ટ બળીને રાખ થઈ ગયા હતા. ટેન્ટમાં રાખેલી તમામ વસ્તુઓ પણ બળીને રાખ થઈ ગઈ હતી. સેક્ટર ૧૮ના દાંડી સ્વામી નગરમાં રામકૃષ્ણ આશ્રમ કેમ્પ માં આગ લાગી હતી. અહેવાલ અનુસાર, રસોડામાં ગેસ પર ચા બનાવતી વખતે ગેસ લીકેજને કારણે આગ લાગી હતી. આગમાં એક ભક્ત પણ સામાન્ય દાઝી ગયો હતો.

### વર્ગ-૨ની ભરતીમાં ઉપસ્થિત રહેવા શિક્ષક તરીકે પાંચ વર્ષનો અનુભવ જરૂરી

# શિક્ષણ સેવા વર્ગ-૨ની પરીક્ષામાં ૩ હજાર શિક્ષકોને તક નહીં મળે

### તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં શિક્ષણ સેવા વર્ગ-૨ના ૩૦૦ અધિકારીની ભરતી કરવામાં આવનાર હોવાનું દર્શાવાયું છે. આ અધિકરીઓની ભરતી માટે જુલાઈ-૨૦૨૫માં જાહેરાત પ્રસિદ્ધ કરાશે. જાહેરાત પ્રસિદ્ધ તારીખે સરકારી શાળામાં શિક્ષક તરીકેનો પાંચ વર્ષનો અનુભવ ફરજિયાત મગાયો છે. જેથી રાજ્યના ૩ હજાર શિક્ષકો પરીક્ષાથી વંચિત રહે તેવી શક્યતા છે. ૩ હજાર શિક્ષકોને જુલાઈ-૨૦૨૫ વખતે અનુભવમાં માંડ પાંચથી સાત માસ જેટલો સમય ખુટતો હશે જેથી તેઓ પરીક્ષા માટે લાયક નહીં બને. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૦૨૫માં યોજાનારી વિવિધ ભરતી અંગેનું કેલેન્ડર તાજેતરમાં જાહેર કરાયું છે. GPSCએ જાહેર કરેલા કેલેન્ડર મુજબ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ (વહીવટી શાખા)ના ૨૦ અને વર્ગ-૨ના ૩૦૦ અધિકારીઓની ભરતી કરવામાં આવશે. આ ભરતીની જાહેરાત હાલના આયોજન મુજબ જુલાઈ-૨૦૨૫માં આપવામાં આવશે અને નવેમ્બર-૨૦૨૫માં પ્રાથમિક કસોટી યોજાશે. આ ભરતી અંતર્ગત વર્ગ-૨ના અધિકારીની ભરતીમાં સરકારી શાળામાં શિક્ષક તરીકેની પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા શિક્ષકો જ ઉપસ્થિત રહી શકતા હોય છે. આ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં જે શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી, તેવા શિક્ષકોને વર્ગ-૨ની પરીક્ષાથી વંચિત રહેવાનો વારો આવી શકે છે. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવેમ્બર-૨૦૨૦ અને સરકારી માધ્યમિક શાળામાં જાન્યુઆરી-૨૦૨૧માં અંદાજે ૩ હજાર શિક્ષકોને નિમણૂક હુકમ આપવામાં આવ્યા હતા. જેથી GPSCના કેલેન્ડર મુજબ જુલાઈ-૨૦૨૫ના સમયે ઉચ્ચતર માધ્યમિકમાં નિમાયેલા શિક્ષકોને ૫ મહિના અને માધ્યમિકમાં નિમાયેલા શિક્ષકોને ૭ મહિનાનો સમય પાંચ વર્ષ પૂર્ણ થવામાં ઓછો પડશે. વર્ષ ૨૦૨૦-૨૧ની ભરતીમાં નિમણૂક પામેલા શિક્ષકોએ માગણી કરી છે કે, GPSC દ્વારા જુલાઈના બદલે જાન્યુઆરી-૨૦૨૬માં ભરતીની જાહેરાત આપવામાં આવે તો છેલ્લી ભરતીના શિક્ષકો પણ ભરતી માટે લાયક ઠરી શકશે. જેથી આ ૩ હજાર શિક્ષકો પણ વર્ગ-૨ના અધિકારી બનવા માટે પરીક્ષા આપી શકે તે માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે.

# 'ભારતીય ખેલાડીઓ સાથે બહુ મિત્રતાની જરૂર નથી'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

૨૩ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ યોજાશે. આ દરમિયાન પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મોઈન ખાને પાકિસ્તાની ખેલાડીઓને આગ્રહ કર્યો છે કે, આગામી સમયમાં ભારત સામેની મેચમાં ભારતીય ખેલાડીઓ સાથે તેમણે બહુ મિત્રતા ન રાખવી જોઈએ. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ મોહમ્મદ રિઝવાન કરશે. જો કે, હજુ સુધી પાકિસ્તાની ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં નથી આવી. મોઈને કહ્યું હતું કે, 'જયારે હું હાલના દિવસોમાં પાકિસ્તાન અને ભારત વચ્ચેની મેચ જોઉં છું ત્યારે મને એ સમજાતું નથી કે, જેવા જ ભારતીય ખેલાડીઓ ક્રીઝ પર આવે છે ત્યારે આપણા ખેલાડીઓ તેમનું બેટ જુએ છે અને તેને થપથપાવે છે અને મૈત્રીપૂર્ણ વાતો કરે છે. આ વિપક્ષી ખેલાડીઓને સન્માન આપવાની વિરુધ છે. તેમની સાથે હદ કરતા વધુ મિત્રતા રાખવી યોગ્ય નથી. અમારા સિનિયર ખેલાડીઓ અમને જણાવતા હતા કે, ભારત સામે મેચ રમતી વખતે કોઈ ફરિયાદ ન કરવી અને મેદાન પર કોઈ તેમની સાથે વધુ વાતચીત પણ ન કરે. તમે જયારે તેમની સાથે મિત્રતા કરો છો ત્યારે તે તમારી આ કમજોરી સમજી લે છે.

## તંત્રી લેખ...

### બદ્રીનાથના દ્વાર ખોલવાની તારીખ જાહેર કરવામાં આવી

ઉત્તરાખંડમાં વસંત પંચમીના શુભ અવસર પર રવિવારે ટિહરી રાજ દરબાર નરેન્દ્રનગરમાં ગણેશ પૂજા સાથે વિશ્વ પ્રસિદ્ધ ધામ ભગવાન બદ્રીનાથના દ્વાર ખોલવાની તારીખ જાહેર કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, શુભ મુહૂર્ત મુજબ ૪ મેના રોજ સવારે ૬ વાગ્યે મંદિરના દ્વાર સામાન્ય ભક્તો માટે યોગ્ય પૂજા સાથે ખોલવામાં આવશે. ૨૨મી એપ્રિલે ભગવાન બદ્રી વિશાલના મહાભિષેક માટે તલના તેલનો ઉપયોગ કરવામાં આવશે. તે જ દિવસે રાજદરબારથી ગડુ ઘડા તેલ કલશ યાત્રાનો પ્રારંભ થશે. આ સાથે ચારધામ યાત્રાનો પણ વિધિવત પ્રારંભ થશે. નરેન્દ્રનગર સ્થિત રાજવી દરબારમાં બસંત પંચમીના રોજ રાજવી આચાર્ય કૃષ્ણ પ્રસાદ ઉનિયાલે ગણેશ, પંચાંગ અને ચૌકીની પૂજા કર્યા બાદ મહારાજા મનુજેન્દ્ર શાહની કુંડળીનો અભ્યાસ કર્યા બાદ અને ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ જોઈને ખુલવાની તારીખ જાહેર કરી હતી. ભગવાન બદ્રીનાથ મંદિરના દરવાજા.ભગવાન બદ્રી વિશાલના મહાભિષેક માટે, સ્થાનિક પરિણીત મહિલાઓ ૨૨ એપ્રિલે રાણી માલા રાજ્ય લક્ષ્મી શાહના નેતૃત્વમાં શાહી દરબારમાં તલનું તેલ કાઢશે. ટિહરીના રાજા મહારાજા મનુજેન્દ્ર શાહે જણાવ્યું કે ૪ મેના રોજ સવારે ૬:૦૦ વાગ્યે શ્રી બદ્રીનાથ ધામના દરવાજા ખોલવામાં આવશે. તેમણે દેશના શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં આ યાત્રા સુખદ અને સફળ બનાવવા અપીલ કરી હતી. રાજપુરોહિત આચાર્ય કૃષ્ણ પ્રસાદ ઉનિયાલે જણાવ્યું કે મહારાજા મનુજેન્દ્ર શાહની કુંડળીના આધારે આ તારીખ નક્કી કરવામાં આવી છે. ધાર્મિક પંચાયતના ઉપપ્રમુખ ભાસ્કર ડીમરીએ જણાવ્યું હતું કે, ૨૨ એપ્રિલે પરિણીત મહિલાઓ શાહી દરબારમાં તલનું તેલ છાંટશે.

### MoD માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં ફાળવેલ રૂ. ૬.૮૧ લાખ કરોડથી વધુનો રેકોર્ડ, વર્તમાન નાણાકીય વર્ષ કરતાં ૯.૫૩%નો વધારો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના ટેકનોલોજિકલ રીતે અદ્યતન અને 'આત્મનિર્ભર' સશસ્ત્ર દળો સાથે ' વિકિસિત ભારત જ ૨૦૪૭'ના વિઝનને અનુસરતા, ભારતના કેન્દ્રીય બજેટમાં નાણાકીય વર્ષ (FY) માટે રૂ. ૬,૮૧,૨૧૦.૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલય (MoD) માટે ૨૦૨૫-૨૬. આ ફાળવણી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રીય અંદાજ કરતાં ૯.૫૩% વધુ છે અને કેન્દ્રીય બજેટના ૧૩.૪૫% જેટલી છે, જે મંત્રાલયોમાં સૌથી વધુ છે. તેમાંથી રૂ. ૧,૮૦,૦૦૦ કરોડ એટલે કે કુલ ફાળવણીના ૨૬.૪૩% સંરક્ષણ સેવાઓ પરના મૂડી ખર્ચ પર ખર્ચવામાં આવશે. રેવન્યુ હેડ પર, સશસ્ત્ર દળો માટે ફાળવણી રૂ. ૩,૧૧,૭૩૨.૩૦ કરોડ છે જે કુલ ફાળવણીના ૪૫.૭૬% છે. સંરક્ષણ પેન્શન રૂ. ૧,૬૦,૭૯૫ કરોડનો હિસ્સો મેળવે છે એટલે કે ૨૩.૬૦% અને બાકી રૂ. ૨૮,૬૮૨.૯૭ કરોડ એટલે કે ૪.૨૧% MoD હેઠળના નાગરિક સંગઠનો માટે છે. મંત્રાલયે ૨૦૨૫-૨૬ને 'સુધારાના વર્ષ' તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે જે સશસ્ત્ર દળોના આધુનિકીકરણ માટે સરકારના સંકલ્પને વધુ મજબૂત બનાવશે અને ફાળવણીનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે સંરક્ષણ પ્રાપ્તિ પ્રક્રિયામાં સરળીકરણનો હેતુ છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને વિકિસિત ભારતના વડાપ્રધાનના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ''આ બજેટ યુવાનો, ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને સમાજના અન્ય તમામ વર્ગોના વિકાસને પ્રોત્સાહન આપશે. મધ્યમ વર્ગના યોગદાનને ઓળખીને, બજેટ અભૂતપૂર્વ ભેટ લાવ્યું છે,'' તેમણે કહ્યું. મૂડી ખર્ચ, વર્તમાન ભૌગોલિક રાજકીય પરિદ્રશ્યમાં જ્યાં વિશ્વ આધુનિક યુદ્ધના બદલાતા દાખલાનું સાક્ષી છે, ભારતીય સશસ્ત્ર દળોને અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ કરવાની જરૂર છે અને તેને તકનીકી-અદ્યતન લડાઇ-તૈયાર બળમાં રૂપાંતરિત કરવાની જરૂર છે. આને ધ્યાનમાં રાખીને, સંરક્ષણ દળોના મૂડી ખર્ચ પર ૧,૮૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રીય અંદાજ (BE) કરતા ૪.૬૫% વધારે છે. તેમાંથી, રૂ. ૧,૪૮,૭૨૨.૮૦ કરોડ મૂડી સંપાદન પર ખર્ચવાનું આયોજન છે, જેને સશસ્ત્ર દળોના આધુનિકીકરણ બજેટ તરીકે ઓળખવામાં આવે છે અને બાકીના રૂ. ૩૧,૨૭૭.૨૦ કરોડ સમગ્ર દેશમાં સંશોધન અને વિકાસ અને માળખાકીય અસ્કયામતોના નિર્માણ માટેના મૂડી ખર્ચ માટે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન, રઁડ્ઢએ સ્થાનિક ઉદ્યોગોને મજબૂત કરવા અને દળોને આત્મનિર્ભર બનાવવાનો નિર્ણય લીધો હતો. ત્યારથી, આધુનિકીકરણ બજેટનો નોંધપાત્ર હિસ્સો સ્થાનિક ઉદ્યોગો પાસેથી મૂડી પ્રાપ્તિ માટે નિર્ધારિત કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદન અને તકનીકી વિકાસ માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા માટે, સ્થાનિક ખાનગી ઉદ્યોગો પાસેથી સંપાદન માટે સ્થાનિક હિસ્સાની નોંધપાત્ર ટકાવારી આગળ નિર્ધારિત કરવામાં આવી છે. તદનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, રૂ. ૧,૧૧,૫૪૪.૮૩ કરોડ એટલે કે આધુનિકીકરણ બજેટના ૭૫% સ્થાનિક સ્ત્રોતો દ્વારા પ્રાપ્તિ માટે અને સ્થાનિક હિસ્સાના ૨૫% એટલે કે રૂ. ૨૭,૮૮૬.૨૧ કરોડ સ્થાનિક ખાનગી ઉદ્યોગો દ્વારા પ્રાપ્તિ માટે જોગવાઈ કરવામાં આવી છે. આ ફાળવણી આગામી નાણાકીય વર્ષમાં આયોજિત મોટા એક્વિઝિશનની કાળજી લેશે અને સંયુક્તતા અને એકીકરણ પહેલને પ્રોત્સાહન આપશે. ભંડોળની આ ફાળવણી સાયબર અને સ્પેસ જેવા નવા ડોમેન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને રોબોટિક્સ વગેરે જેવી ઉભરતી ટેક્નોલોજીમાં સાહસ કરવાની MoDની યોજનાને વધુ સરળ બનાવશે. આગામી વર્ષમાં આયોજિત કેટલાક મોટા એક્વિઝિશન જેમ કે લોંગ એન્ડ્યુરન્સ રિમોટલી પાયલોટેડ. ઉચ્ચ અને મધ્યમ ઊંચાઈનું એરક્રાફ્ટ, ડેક-આધારિત એરક્રાફ્ટનું સ્ટેજ પેમેન્ટ, નેક્સ્ટ જનરેશન સબમરીન/જહાજો/પ્લેટફોર્મને આ ફાળવણીમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મૂડી રોકાણની રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં કાસ્કેડિંગ અને ગુણાકાર અસર છે જે જીડીપીને વેગ આપશે અને આ દેશના યુવાનોને વધુ નોકરીની તકો પૂરી પાડશે. સશસ્ત્ર દળોનું ઓપરેશનલ અને નિર્વાહ બજેટ, મહેસૂલ ખર્ચ સશસ્ત્ર દળોના કર્મચારીઓના પગાર અને ભથ્થાં અને ભરણપોષણ અને ઓપરેશનલ સજ્જતા માટે છે.

**જીવન વ્યવહારમાં વાણી એ વિચારની ગતિ દર્શાવે છે, એટલે સીધી સાદી રીતે, કહીએ તો શબ્દોને સુંદર રીતે રજુ કરવાની જેની ક્ષમતા વધે છે**

# શક્તિના સ્વરૂપોની આરાધના કરી સ્વયંમાં એ જ શક્તિના નિરાકાર સ્વરૂપની અનૂભૂતિ કરવી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જીવનની ગતિવિધિઓથી મૂંઝાયેલો સંસારી શિષ્ય, આ વ્યવહારોના ચક્રવ્યૂહને સમજવા કોશિશ કરતો રહે છે, અને સદગુરુ તેને જીવન વ્યવહાર સરળ બને, અને જીવનમાં મધુર રસ આવે, અને ફરી તેને જીવવાનું જોમ મળે, એ માટે સુક્ષ્મ દર્શન કરાવી રહ્યા છે, જીવનમાં કાયમી રીતે સંતોષ, શાંતિ, અને આનંદને, પ્રાપ્ત કરવાના છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આ વખતે આપણે મા ભગવતી જગદંબા ને આરાધવા કોઈ સ્તુતિ લીધી નથી, પણ શક્તિ તો અંતે એક બળ છે, અને જે સતત આપણી અંદર રહીને આપણને દોરી રહી છે, તો આપણે એ શક્તિ સ્વરૂપને આત્મસાત કરીએ. આ ગુપ્ત નવરાત્રિમાં શક્તિનાં વિધવિધ સ્વરૂપો ની પૂજા અર્ચના થતી હશે, પણ શક્તિ ને ઈશ્વર તરીકે જોઈએ તો એ પણ નિરાકાર હોવી જોઈએ. શક્તિ એટલે કે એક એવી સકારાત્મક ઊર્જા જે રામ કામ કરવા માટે, જીવને પ્રોત્સાહિત કરે, ત્યારે તે શક્તિનો અનુભવ એ જ તેનું નિરાકાર સ્વરૂપ છે. આવા સાકાર અને નિરાકાર બંને સ્વરૂપ ને લોકમાનસ એ સ્વીકાર્યા છે, તેમજ વેદમાં પણ તેની જ મહત્તા ગવાય છે, તો આજે જીવ વેદની સ્તુતિ કરીને ભીતરે વસતા રાવણત્વ નો વધ કરવા અથવા તો નકારાત્મક શક્તિ ને દૂર કરવા માટે સદગુરુ બોધ આપી રહ્યા છે. ટૂંકમાં ગુરુતા ગ્રંથી અને લઘુતાગ્રંથિ બંને મહા મનોરોગ છે એ સમજીશું.

જય સગુન નિર્ગુન રૂપ,
રૂપ અનૂપ ભૂપ શિરોમને.
દસકંધાદિ પ્રંચડ નિસિચર,
પ્રબલ ખલ ભુજબલ હને.
અવતાર પર સંસાર ભાર,
બિભંજિ દારુન દુઃખ દહે,
જય પ્રનતપાલ દયાલ પ્રભુ,
સંજુક્ત શક્તિ નમા મહે.

આમ જીવ, શિવ ને શક્તિ એ દેખીતી રીતે દ્વૈત, પણ અદ્વૈત ભાવ ને સદા નમીને શરણાગત બની સદગુરૂના ચરણોમાં બેસીને આ અદભૂત અનુભૂતિ મેં કાયમ કરવા મથી રહ્યો છે. જીવનની ગતિવિધિઓથી મૂંઝાયેલો સંસારી શિષ્ય, આ વ્યવહારોના ચક્રવ્યૂહને સમજવા કોશિશ કરતો રહે છે, અને સદગુરુ તેને જીવન વ્યવહાર સરળ બને, અને જીવનમાં મધુર રસ આવે, અને ફરી તેને જીવવાનું જોમ મળે, એ માટે સુક્ષ્મ દર્શન કરાવી રહ્યા છે. જીવનમાં કાયમી રીતે સંતોષ, શાંતિ, અને આનંદને, પ્રાપ્ત કરવાના છે. અસંતુલન માટે ક્યારેક આપણે, તો ક્યારેક બીજા જવાબદાર હોય છે, અને તેની માટેના જરૂરિયાતના સત્યથી શરૂ કરી અને વાણી, વિચાર, અને વર્તન, એટલે કે વ્યવહારમાં સંયમની બહુ જ જરૂર છે, તે જણાવતા સદગુરુ આગળ સુંદર ભાવિ નો નિર્દેશ કરી રહ્યા છે. આગ્રહ નીગ્રહ પૂર્વગ્રહ અને ધીરે ધીરે આ બધા જ ભાવ દ્રઢ બને, ત્યારે તેનાથી જ લઘુતા ગ્રંથી અને ગુરુતા ગ્રંથિ નો જન્મ થતો હોય છે, અને તેનું વિશ્લેષણ પણ સુંદર રીતે કરીને સમજાવી રહ્યા છે. વિચારો જ્યારે ગતિ કરે, એટલે કે વિચાર ને કારણે જ્યારે કોઈ સારું કર્મ થાય



અને તેનાથી જે તે જીવને કોઈ પદવી, કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તો તે પોતાને મહાન સમજવા લાગે છે, અને ધીરે-ધીરે લોકોના આદર કે નમન ને પોતાના હક્ક કે અધિકાર, અને સામેવાળી વ્યક્તિની તે ફરજ છે, એવું દ્રઢ કરી એક ગુરુતાગ્રંથી એટલે કે પોતે જ મહાન છે તેવું વર્તન કરે છે. કોઈપણ કારણસર સામેવાળી વ્યક્તિ સદા પોતે કંઈ જ ન કરી શક્યાની કોઈ લાગણી અનુભવે અને તેના વર્તનમાં પોતે દિન અથવા તો લઘુ છે, તેવો ભાવ આવે તો તેને લઘુતાગ્રંથી થી પીડીત જીવ કહેવાય. જીવન વ્યવહારમાં વાણી એ વિચારની ગતિ દર્શાવે છે. એટલે સીધી સાદી રીતે, કહીએ તો શબ્દો ને સુંદર રીતે રજુ કરવાની જેની ક્ષમતા વધે છે,એ સૌને પ્રભાવિત કરી શકે છે. જ્યારે વાણી અને વિચારનું મહત્વ સમજ્યા વગર, ગમે તેમ તેનો પ્રયોગ થાય, ત્યારે તે શબ્દ માં કોઈ રુચિકર અસર હોતી નથી. એટલે તે પ્રભાવકારી બની શકતા નથી. સામાન્ય રીતે સભા સંમેલનમાં બોલાતા ભાષણો ના લખાણો એટલે કોઈ સાક્ષર પાસે અલંકારિક રીતે તૈયાર કરાવવામાં આવે છે, અને પછી તેનો પ્રયોગ થાય તો તાળીઓના ગડગડાટ થાય છે. પણ તે પોતાની અનુભૂતિ નથી કે, પોતાના શબ્દોની તાકાત નથી, કારણકે આચરણના નામે શૂન્ય હોવાથી તે અસર ક્ષણીક રહે છે. ગુરુતા ગ્રંથિ હોય કે લઘુતાગ્રંથિ આખરે બંને મહા મનોરોગ છે. સામેની વ્યક્તિને તો તે પીડે છે, પણ પોતે વધુ તેનાથી પીડાય છે.ગુરુતા ગ્રંથિ હોય, તો અહમનો ભાવ તેને શાંત બેસવા દેતો નથી. વાહ વાહી નું તેનું વ્યસન થઈ જાય છે, અને આ જો ન થાય તો તે જાણે કે ઉત્પાત મચાવી તે પોતાના આગ્રહો, ઘર પરિવાર અને સમાજ પર થોપે છે. લઘુતા ગ્રંથી વાળો જીવ એ સતત આ દિન ભાવમાં રહેવાથી, નિરાશાનો શિકાર બને છે, અને જીવનમાં પોતે કંઈ જ હાંસલ નહીં કરી શકે તેવી, એક નિમ્ન ભાવના તેને પોતાને પણ હેરાન કરી, અને સમાજમાં તે છીનવી લેવાનું, તેમજ હિંસક વૃત્તિ કરવા પ્રેરે છે અને આવા કેટલાય ઉદાહરણ આપણે જોયા પણ છે. નિરાશા એટલે કે ડિપ્રેશન એ આજના યુગનો સૌથી ભયંકર રોગ છે. છાશવારે યુવાનો અહીં આત્મહત્યા કરતાં જોવા મળે છે. તે શું ચીંધે છે? આખરે એવી કઈ લઘુતાગ્રંથિનો તે શિકાર થઈ રહ્યા છે, તે ખરેખર એક વિશ્લેષણનો પ્રશ્ન છે.તો ક્યારેક વધુ પડતી મહત્ત્વાકાંક્ષા રાખવી એ પણ આની માટે જવાબદાર હોય, અથવા તો પરિવારનું કોઈ એવું સદસ્ય કે જે અત્યંત ગુરુતાગ્રંથી પીડાતું હોય, અને તેના પ્રભાવ તળે જ બીજાને જીવવાનું હોય, એવી મનોદશા પણ આખરે પતન તરફ દોરનારી છે. સદગુરુ તો જ્ઞાન નિધિ છે, અને આવા કંઈક જીવન વ્યવહારના, નાના એવા શબ્દોના અર્થ તરફ દોરી, અને આપણને આપણાં જીવન સરળ અને મધુર બનાવવા સતત મથી રહ્યા છે. ત્યારે આપણે તેનાથી જીવન બોધ તરીકે તેને અપનાવી અને જીવનને સરળ અને મધુર બનાવવુ રહ્યું. આ ઉપરાંત તેણે બતાવેલા ચાર મુખ્ય સ્તંભ પર જે ઈમારત ઉભી કરવાની છે, તેના આયામમાં સતત ફરતા રહી, આપણી આ યાત્રાને કલ્યાણ તરફ દોરવાની છે. ક્ષણે ક્ષણની જાગૃતિનો ઉદઘોષ કરતાં નરસૈયા ને ગાઈએ એટલે આ યાત્રામાં તેની જેમ જ પરિણામ મળે.

હરિ તણું હેત તને ક્યમ ગયું વિસરી?
પશુ રે ફેડી નર રૂપ લીધું,
હાડ ને છેડ કરી સહુ તુને હાંકતું,
રાજ વધારી ને માન દીધું.
ઘાંચી નું ગળિયુ ગળેથી કાઢિયુ,
નેત્રંગના પાટા શ્રીનાથે છોડ્યા.
તે તણા ચરણને નવ કૃતદની ભજે,
તે ન ગુણ પાડ ના હાથ જોડ્યા.

અહીં આપણે બધા લઘુ જ છીએ, અને લઘુ જ રહેવાના, એ પરમ કૃપાળુ પરમેશ્વર આગળ આપણી એવી કઈ ઔકાત? તે આમ ગુરુતા ગ્રંથિ બાંધી ને ફરીએ છીએ, અને આ ઘાંચીના ગાળિયામાં થી તેણે તો કાઢ્યા છે, એટલે કે ૮૪ લાખ યોનીમાં ફરતા જીવને માનવ તેણે જ બનાવ્યો છે, એ સત્ય ભૂલી અને તેનો પાડ માનવાને બદલે દિશાહીન જીવી રહ્યા છીએ, તે આપણા પતનનું મુખ્ય કારણ છે.સમાજનો મોટો વર્ગ આજે કંઈ ન હોવા છતાં પોતે કંઈક વિશેષ છે, એ ગુરુતાગ્રંથી પીડાઈ રહ્યો છે, અને તેને કારણે બાકીના જીવ વધુને વધુ લઘુતાગ્રંથી થી પીડાય રહ્યા છે. તે આજના આ સમાજની અશાંતિ નુ મુખ્ય કારણ છે, અને તેનાથી પરિવારો, સમાજ, અને દેશ પ્રભાવિત થઈ અને અસંતુલિત બની રહ્યા છે. જીવનમાં આ બંને ગ્રંથીનું વિશ્લેષણ કરી, અને જીવન મુલ્યોને ફરી પ્રસ્થાપિત કરીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી, સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે**

# સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે, વૈરાગ્યને ઘરમાં જ કેળવો, વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્ઞાનમાર્ગમાં ઇન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે, ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે, સુગંધની ઇચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો, બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે, પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે.**

આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો ભક્તિમાં આનંદ છે, પણ મનુષ્ય શરીરથી ભક્તિ કરે છે, મનથી ભક્તિ કરતો નથી.વાણી ભગવાન ના નામનો ઉચ્ચાર કરે, પણ મન ભગવાનનું સ્મરણ ન કરે તેનો કાંઈ અર્થ નથી. મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં. સેવામાં ક્રિયા મુખ્ય નથી,ભાવ મુખ્ય છે. સેવા ક્રિયામાં નથી, ભાવનામાં છે. સર્વ વિષયને મનમાંથી હટાવે તો સેવામાં આનંદ આવશે. સેવા કરવા બેસો ત્યારે પ્રથમ એવી જ ભાવના કરો કે, સેવા કરવા છતાં પણ ભગવાનનાં દર્શન ન થાય તો આપણો જ દોષ. સેવા કરનારને સેવા કરી રહ્યા પછીમારું દુઃખ ગયું, મારું પાપ ગયું,મારું દરિદ્ર ગયું, હું કૃતાર્થ થયો, એવી જ ભાવના થવી જોઈએ. સેવા કર્યા પછી આ ભાવ ન થાય તો સેવા પૂજામાં આનંદ મળતો નથી. લોકો સમજે છે કે ભક્તિ માર્ગ તદ્દન સહેલો છે. હા, સહેલો છે, ને અઘરો પણ છે.સવારમાં ભગવાનની પૂજામાં બેસવું સહેલું છે,પણ ઈશ્વરને આખો દિવસ માટે ભૂલી જવો એ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભક્તિ.એઅઘરું છે. પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે, તો વિષયનો પ્રેમ છોડવો પડશે. જગતનો સંબંધ મનથી ન છોડો ત્યાં સુધી બ્રહ્મસંબંધ થતો નથી. ધીરે ધીરે સંસારના વિષયોનો મોહ છોડી દેજો. સંસારને છોડીને ક્યાં જશો? સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરૂર છે.ધીરે ધીરે સંયમને વધારો વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવા માં ધ્યાનમાંઅનેરો આનંદ આવશે, એક વખત એક ચોબાજી મથુરા થી ગોકુળ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડી વાટે જવાનુંહતું ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસાં મારવા લાગ્યા.બાહુબળ ઉપર પૂર્ણ વિશ્વાસ,બોલવા લાગ્યા,નાવ અભી પહુંચ જાયગી. અભી ગોકુળ આ જાયગા! ચોબાજીએ આખી રાત નાવ ચલાવી. સવાર પડયું. ચોબાજી વિચારવા લાગ્યા, આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું? કોઈને પૂછ્યું, આ કયું ગામ? ઉત્તર મળ્યો, મથુરા. નશો ઊતર્યો ત્યારે ચોબાજીને પોતાની મૂર્ખતા સમજાઈ.નાવ દોરીથી ઘાટ સાથે બાંધેલી હતી.નશાની અસર માં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા.આખીરાત નાવ ચલાવી પણ હતા ત્યાંના ત્યાં!તમને હસાવવા માટે કહેતો નથી. આ કથા ચોબાજીની નથી, આપણા સર્વની છે. ઈન્દ્રિયસુખનો નશો દરેકને ચડેલો છે. પૈસાના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે. નશામાં ને નશામાં ઠાકોરજીના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી, તેને તેથી ભગવાનના દર્શનમાં આનંદ આવતો નથી. આ વાસના રૂપી દોરીથી વિષયોમાં બંધાયેલી ઈન્દ્રિયોને છોડાવવાની છે. વાસના દોરીને ન છોડો ત્યાં સુધી આગળ વધાતું નથી. વાસના રૂપે દોરીની જીવની ગાંઠ આ સંસાર સાથે બંધાયેલી છે, તે છોડવાની છે. હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ.વૈરાગ્યની ભક્તિ રડે છે,ભોગ ભક્તિમાં બાધક છે.સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે,તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને શેય એક બને છે.સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે, ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું. એમ કહી શકતો નથી કે, હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવા પણું રહેતું નથી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવ ભાવ ભૂલી ગઈ હતી લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપી ઓનો મનોભાવ છે. આ શુદ્ધ અદ્વૈત છે.ત્યાં હું નથી કે તું નથી. હું કે તુંનું અસ્તિત્વ જ રહેતું નથી. શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી.સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે. જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય. આનું નામ અદ્વૈતનું જ્ઞાન. જીવ અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે.તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ. મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે. શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે,તેના થી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાત્મા પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી જીવને માયા બાધક થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે ઠાકોરજીનો અવતાર તમારા ઘર માં થવો જોઈએ,મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે, અને એ જ મંદિર છે. પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે. કોઈ પણ ધર્મમાં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃ કરણ શુદ્ધ થાય છે. પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય. બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર.આહ એટલે શ્રેષ્ઠ દિવસ જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો,એ વરાહનું અવતારનું રહસ્ય છે. ત્રીજો અવતાર નારદજીનો.એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે,તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે,પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દ્રઢ થાય નહીં.ભક્તિ સાથે જ્ઞાન- વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કપિલદેવનો એટલેકે જ્ઞાન-વૈરાગ્યનો ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય સાથેહશે તો કાયમને માટે રહેશે. છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચગુણો બ્રહ્મચર્ય,સંતોષ,ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે તો તમે ગુણાતીત થશો. તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે આ છ અવતારો બ્રાહ્મણ માટેના તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે.સાતમો અવતાર પક્ષનો, આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો,દસમો મત્સર નારાયણનો. આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે. તે ક્ષાત્રધર્મનો આદર્શ બતાવે છે. અગિયારમો અવતાર કૂર્મનો.બારમો અવતાર ધન્વંતરીનો,તેરમો અવતાર મોહિની નારાયણનો. આ અવતાર વૈશ્ય માટેના છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

# ચોરી પકડી ગઈ: કોને ડેટ કરી રહી છે ખુશી કપૂર?



બોલિવૂડ અભિનેત્રી શ્રીદેવીની લાડલી દીકરી અને જહાન્વી કપૂરની બહેન ખુશી કપૂરે બોલિવૂડમાં એન્ટ્રી કરી છે. તેને ફિલ્મ ધ આર્ચીઝથી ડેબ્યુ કર્યું હતું. હવે તે જુનૈદ ખાન સાથે લવયાપામાં જોવા મળશે જેનું આ દિવસોમાં પુરજોશથી પ્રમોશન થઈ રહ્યું છે. આ વચ્ચે ખુશીએ સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કર્યો છે, જેમાં તે મિસ્ટ્રી મેનની બાહોમાં જોવા મળી રહી છે, જેને જોઈને યુઝર્સ પ્રતિક્રિયા આપી રહ્યા છે.ખુશી ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ હોય છે. તે પોતાના જીવનની દરેક અપડેટ ફેન્સ સાથે શેર કરતી હોય છે. આ વચ્ચે તેણે મિસ્ટ્રી મેન સાથેનો એક ફોટો શેર કર્યો છે. તેના કેપ્શનમાં ખુશીએ લખ્યું છે તે ગ્રીડ સુધી પહોંચી ગયો છે, જલ્દીથી તે તમારા દિલ સુધી પહોંચશે. તેને આ બ્લેક એન્ડ વ્હાઈટ મિરર સેલ્ફી પોસ્ટ કરી છે. જેમાં ખુશી મિસ્ટ્રી મેનની બાહોમાં મિરર સેલ્ફી લેતી જોવા મળે છે.અભિનેત્રીની આ તસવીરો ઈન્ટરનેટ પર ખૂબ વાઈરલ થઈ રહી છે. જેના પર યુઝર્સ અનેક પ્રકારની કોમેન્ટ કરી છે અને જાત જાતના સવાલો પણ કર્યા છે. એક યુઝરે લખ્યું આ વેદાંગ રૈના છે કે ઈબ્રાહિમ અલી ખાન? યુઝર્સે લખ્યું શું ખુશીના જીવનમાં પ્રેમ પ્રકરણની એન્ટ્રી થઈ છે? તો અન્ય યુઝર્સે લખ્યું તેની ફિલ્મ આવી રહી છે તો આ એક પબ્લિસિટી સ્ટંટ છે.

### સૂત્રોના અનુસાર સલમાન અને રશ્મિકાએ સિકંદરના સેટ પર શાનદાર કામ કર્યું છે

# સલમાન ખાન સાથે બીજી વખત સ્ક્રીન શેર કરતી જોવા મળશે રશ્મિકા મંદાના



બોલીવૂડના ભાઈજાન અને સલમાન ખાન અને નેશનલ ક્રશ રશ્મિકા મંદાના પહેલી જ વખત એક સાથે ફિલ્મ સિકંદરમાં સાથે જોવા મળશે. હાલમાં બંને જણ આ ફિલ્મની શૂટિંગ પણ કરી રહ્યા છે.આ બધા વચ્ચે એક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે જો




એવું જાણવા મળી રહ્યું છે કે બંને જણ ફરી એક વખત ડિરેક્ટર એટલીના આગામી પ્રોજેક્ટ માટે ફરી સાથે આવશે. મેકર્સ પુષ્પા-ટુમાં રશ્મિકાની એક્ટિંગથી એટલા પ્રભાવિત થઈ ગયા છે જેને કારણે દર્શકોને ફરી એક વખત સલમાન ખાન અને રશ્મિકા મંદાનાને સાથે જોવા મળશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સલમાન ખાન અને રશ્મિકા મંદાનાએ સિકંદરના સેટ પર શાનદાર કામ કર્યું છે. ફિલ્મ પુષ્પા ટુમાં રશ્મિકાની એક્ટિંગથી સલમાન અને એટલી બંને પ્રભાવિત થયા હતા. આ જ કારણ છે કે મેકર્સે સલમાન અને એટલીની આગામી ફિલ્મમાં પણ રશ્મિકાને સાઈન કરવાનો નિર્ણય લીધો છે.ડિસેમ્બર, ૨૦૨૪માં એટલીએ કન્ફર્મ કર્યું હતું કે તેની આગામી ફિલ્મમાં સલમાન ખાન લીડ રોલમાં જોવા મળશે, જોકે આ ફિલ્મનું નામ હજી સુધી નક્કી નથી કરવામાં આવ્યું. પરંતુ એને એ૬ એવું ટાઈટલ આપવામાં આવ્યું છે.એટલું જ નહીં પણ કથિત રીતે એટલી ઈન્ડિયન સિનેમાની સૌથી મોટી ફિલ્મ બનાવવા માટે રજનીકાંત કે કમલ હસનને લઈને કાસ્ટિંગમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.એટલીએ જણાવ્યું હતું કે એ૬એક એવી ફિલ્મ છે કે જેમાં સમય અને એનર્જી લાગશે. અમે લોકોએ સ્ક્રિપ્ટનું કામ પૂરું કરી લીધું છે અને અમે લાસ્ટ સ્ટેજ પર છીએ. ભગવાનના આશિર્વાદથી ટૂંક સમયમાં જ આની દબદબાભેર જાહેરાત કરવામાં આવશે. સિંકદરની વાત કરીએ તો મેકર્સે ટીઝર રિલીઝ કરી દીધું છે. ૮૦ સેકન્ડના ટ્રેલરમાં સલમાન એકદમ એકશન મોડમાં જોવા મળ્યો છે અને આ ફિલ્મ ૨૦૨૫માં ઈદ પર રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકા સિવાય સત્યરાજ, પ્રતિક બબ્બર, કાજલ અગ્રવાર અને શરમન જોષી જેવા કલાકારો જોવા મળશે.

# આમિર ખાને ગીત ગાયું તો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો વીડિયો

### તાજેતરમાં જ આમિર ખાનની એલી અવરામની પહેલી મરાઠી ફિલ્મ 'ઇલુ ઇલુ ૧૯૯૮'ના પ્રીમિયરમાં હાજરી હતી



આમિર ખાનનો એક વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં આમિર ખાન ગીત ગાતો જોવા મળે છે. વાઈરલ વીડિયોમાં આમિર ખાન પહેલા નશા ગીત ગાતો જોવા મળે છે, તાજેતરમાં જ આમિર ખાને એલી અવરામની પહેલી મરાઠી ફિલ્મ 'ઈલુ ઈલુ ૧૯૯૮'ના પ્રીમિયરમાં હાજરી આપી હતી જ્યારે ઘરમાં હાજર મહેમાનો પણ ખુશખુશાલ થઈ ગયા હતા. ચોકલેટી હીરો ગણાતા આમિર ખાન વાસ્તવમાં બહુમુખી પ્રતિભા ધરાવતો કલાકાર છે. તેના ફેન્સે તેણે એક્ટિંગથી લઈને ડાન્સિંગ ઘણા રૂપમાં જોયો છે. આમિરે પડદા ઉપર તો ગીત ગાયું છે, પરંતુ આમિર ખાનને ક્યારેય લાઈવ ગીતો ગાતા નથી જોયો. હવે આમિર ખાને તેના ચાહકોની આ ઈચ્છા પણ પૂરી કરી છે. આમિર ખાન તેના ઘરે મહેમાનોની સામે 'પહેલા નશા' ગીત ગાતો જોવા મળ્યો હતો. આમિરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.તાજેતરમાં જ આમિર ખાને એલી અવરામની પહેલી મરાઠી ફિલ્મ 'ઈલુ ઈલુ ૧૯૯૮'ના પ્રીમિયરમાં હાજરી આપી હતી. આ ફિલ્મની સ્ક્રિનિંગ બાદ આમિર ખાને ફિલ્મના કલાકારોને એકસાથે મળવા માટે પોતાના ઘરે આમંત્રિત કર્યા હતા. સુપર સ્ટારના ઘરે હાજર લોકોએ બુધવારે રાત્રે સમારોહના ઘણા વીડિયો શેર કર્યા છે.




# શું અભિનેત્રી શર્લિન ચોપરાએ દીકરીને દત્તક લીધી છે?

### શર્લિને બાળકી સાથે વીડિયો શેર કર્યો છે, વીડિયોમાં શર્લિન કહે છે, સારો નિર્ણય લીધો ને? બાળકના જન્મ થોડા મહિના પહેલા જ થયો છે



જાણીતી અભિનેત્રી શર્લિન ચોપરાએ એક બાળકીને દત્તક લીધી હોવાની ચર્ચાને લઈ લાઈમલાઈટમાં આવી છે. તાજેતરમાં શર્લિન ચોપરા એક રેસ્ટોરાંની બહાર નીકળી ત્યારે પાપારાઝીએ તેને ઘેરી લીધી હતી અને પૂછ્યું હતું કે શું તે છોકરીની દત્તક લીધી છે. હવે શર્લિને સોશિયલ મીડિયા પર દીકરી સાથે તસવીર પણ શેર કરી છે અને કેપ્શન પણ લખ્યું છે.હવે શર્લિને બાળક સાથેની પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે અને સુંદર કેપ્શન લખ્યું છે, 'એક આશીર્વાદ જેની તોલે કંઈ ન આવે.' ઘણા લોકોએ તેના આ પગલાની પ્રશંસા કરી છે તો કેટલાકે તેને પબ્લિસિટી સ્ટંટ ગણાવ્યો છે. શર્લિને બાળકી સાથે એક વીડિયો પણ શેર કર્યો છે. વીડિયોમાં શર્લિન કહે છે, 'સારો નિર્ણય લીધો ને? બાળકના જન્મ થોડા મહિના પહેલા જ થયો છે. આમ કહેતા તે બાળકીના ગાલ પર પપ્પી કરે છે અને કહે છે કે 'મારું સપનું સાકાર થયું.'શર્લિન પહેલા જ બાળકીના નામ વિશે જણાવી ચૂકી છે. તેણે બાળકો વિશે પણ વાત કરી અને કહ્યું, 'મને લાગે છે કે હું માતા બનવા માટે જન્મી છું, કારણ કે જ્યારે પણ હું બાળકો વિશે વિચારું છું, ત્યારે મને અપાર ખુશીનો અનુભવ થાય છે. તેના આવતા પહેલા જ હું ખૂબ ખુશ હતી તો જરા કલ્પના કરો કે તેના આગમન પછી મને કેટલો આનંદ થયો હશે.તેણે વધુમાં કહ્યું હતું કે તેની ઈચ્છે છે કે તેના બાળકનું નામ એ અક્ષરથી શરૂ થાય, કારણ કે તેને એથી શરૂ થતા નામ પસંદ છે. શર્લિને કામ બાબત વાત કરતા જણાવ્યું કે 'હું કામ ચાલુ રાખીશ, પરંતુ હું બાળકને મારી સાથે લઈ જઈશ. શર્લિને બાળકી સાથે વીડિયો શેર કર્યો છે, આ વીડિયોમાં શર્લિન કહે છે, સારો નિર્ણય લીધો ને? બાળકના જન્મ થોડા મહિના પહેલા જ થયો છે શરૂઆતમાં હું મારી ગેરહાજરીમાં મારા બાળકની સંભાળ રાખી શકે તેવી મેડને પણ રાખીશ.અહીં તમારી જાણ ખાતર જણાવી દઈએ કે ગયા વર્ષે, શર્લિન ચોપડાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે ૨૦૨૧ થી સિસ્ટમિક લ્યુપસ એરિથેમેટોસસ (એસએલઈ) નામની ઓટોઈમ્યુન બીમારી સામે ઝઝૂમી રહી છે. તેણે એ પણ જણાવ્યું હતું કે તે આ બીમારીને કારણે કદી માતા નહીં બની શકે.તેના ડૉક્ટરે તેને આ બીમારીને નિયંત્રણમાં રાખવા કહ્યું હતું. અને દિવસમાં ત્રણ વખત, સવારે, બપોર અને સાંજે આ માટે દવાઓ લેવા કહ્યું હતું. તેણે કહ્યું કે મારે ક્યારેય પ્રેગ્નન્સી વિશે વિચારવું જોઈએ નહીં, કારણ કે તે બાળક અને માતા બંને માટે ઘાતક હોઈ શકે છે.

# સની દેઓલની 'બોર્ડર-૨'ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી



સની દેઓલના ફેન્સ માટે સારા સમાચાર સામે આવ્યા છે. અભિનેતાની આગામી ફિલ્મ બોર્ડર ૨નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે.બોર્ડર-૨, ૨૩ જાન્યુઆરીએ વર્ષે ૨૦૨૬માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મ બોર્ડર ૨માં વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી મેઈન રોલમાં છે. નિર્માતાઓએ ઈન્સ્ટાગ્રામ પર સેટ પરથી એક તસવીર શેર કરી છે. આ ફિલ્મ જેપી દત્તાની ૧૯૯૭માં આવેલી ડ્રામા ફિલ્મ બોર્ડરની સિક્વલ હશે.ટી-સીરીઝે લખ્યું બોર્ડર ૨ માટે કેમેરા ચાલુ છે સની દેઓલ, વરુણ ધવન , દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી આ ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મનું નિર્માણ દિગ્ગજ કલાકારો ભૂષણ કુમાર, જેપી દત્તા અને નિધિ દ્વારા કરવામાં આવ્યું છે. અહેવાલ અનુસાર બોર્ડર-૨ દેશભક્તિ પર આધારિત ફિલ્મ છે. સપ્ટેમ્બરમાં સની દેઓલે ૧૯૯૭ની બ્લોકબસ્ટરની ૨૭મી રિલીઝ એનિવર્સરી પર બોર્ડરની સિક્વલની જાહેરાત કરી હતી. સનીએ લખ્યું છે કે એક ફૌજી ફરીથી પોતાનું ૨૭ વર્ષ જૂનું વચન પૂર્ણ કરવા આવી રહ્યો છે. ભારતની સૌથી મોટી વોર ફિલ્મ બોર્ડર-૨ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ પર આધારિત છે.ફિલ્મ બોર્ડરમાં સની દેઓલ સાથે સુનીલ શેટ્ટી, જેકી શ્રોફ, અક્ષય ખન્ના, સુદેશ બેરી અને પુનિત ઈસારે અભિનય કર્યો હતો. કુલભૂષણ ખરબંદા, તબુ, રાખી, પૂજા ભટ્ટ અને શરબાની મુખર્જી પણ આ ફિલ્મનો ભાગ હતા. હવે આ ફિલ્મની સિક્વલમાં અનેક નવા કલાકારો જોડાયા છે.

# શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' રિલીઝ થયાના કલાકોમાં જ લીક થઈ

### ફિલ્મ વિશે વાત કરીએ તો 'દેવા' એક એક્શન ફિલ્મ છે, જેમાં શાહિદ પોલીસના રોલમાં જોવા મળી રહ્યો છે




વર્ષ ૨૦૨૫ની સૌથી મોટી ફિલ્મોમાંની એક શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' રિલીઝ થયાના થોડા કલાકો બાદ તરત જ ઓનલાઈન લીક થઈ ગઈ છે. અને તે પણ એચડી ફોર્મમાં લીક થઈ છે, જેના કારણે હવે મેકર્સને ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે. આ ફિલ્મ ૩૧ જાન્યુઆરીએ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મના રિવ્યુ આવવાનું શરૂ થયું હતું અને તે દરમિયાન તેના લીકના સમાચાર સામે આવ્યા છે. ફિલ્મમાં શાહિદ કપૂરને પોલીસના રોલમાં જોવા મળે છે અને ચાહકો તેને પોલીસ યુનિફોર્મમાં જોઈને ખૂબ જ ખુશ થઈ રહ્યા છે. થિયેટરોમાં દર્શકોની ભીડ એકઠી થાય તે પહેલાં જ આ ફિલ્મ ઓનલાઈન લીક થઈ ગઈ છે. એક રિપોર્ટ પ્રમાણે 'દેવા' ફિલ્મ ડાઉનલોડ કરવા માટે અલગ અલગ કીવર્ડ્સ દ્વારા ગૂગલ પર સર્ચ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મ વિશે વાત કરીએ તો 'દેવા' એક એક્શન ફિલ્મ છે, જેમાં શાહિદ પોલીસના રોલમાં જોવા મળી રહ્યો છે, જ્યારે પૂજા હેગડે એક પત્રકારની ભૂમિકામાં જોવા મળે છે. તેમની સાથે ગિરીશ કુલકર્ણી અને કુબ્રા સૈત પણ ફિલ્મમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળે છે. 'દેવા' નું નિર્દેશન મલયાલમ ફિલ્મ નિર્માતા રોશન એન્ડ્રુઝ દ્વારા કરવામાં આવ્યું છે.ફિલ્મના ટ્રેલરથી લઈને દરેક ગીતો હિટ ગયા છે. હવે, આ ફિલ્મ પણ હિટ થવાની આશા છે, કારણ કે, ફિલ્મની ઘણી પ્રશંસા થઈ રહી છે.



# રેપર રફ્તારે છૂટાછેડાના પાંચ વર્ષ બાદ કર્યા બીજા લગ્ન

### સોશિયલ મીડિયા પર તેના લગ્નની ઘણી બધી તસવીરો વાઈરલ થઈ રહી છે, જે તેના ચાહકો શેર કરી રહ્યાં છે



તમંચે પે ડિસ્કો, ધાકડ અને ઐસા મેં શૈતાન જેવા સુપરહીટ ગીતો માટે જાણીતા ફેમસ રેપર અને સિંગર રફતાર કથિતરીતે પોતાની પહેલી પત્ની કોમલ વોહરા સાથે ડિવોર્સ લીધાના ૫ વર્ષ બાદ ફેશન સ્ટાઈલિસ્ટ મનરાજ જવંદા સાથે લગ્નના બંધનમાં બંધાઈ ચૂક્યો છે. સોશિયલ મીડિયા પર તેના લગ્નની ઘણી બધી તસવીરો વાઈરલ થઈ રહી છે, જે તેના ચાહકો શેર કરી રહ્યાં છે અને તેને લગ્નની શુભકામનાઓ પણ આપી રહ્યાં છે. જોકે, રફતાર કે મનરાજ તરફથી તેમના લગ્નની તસવીરો હજુ શેર કરવામાં આવી નથી. તેમના લગ્નમાં તેમના પરિવારના અને નજીકના લોકો નજર આવી રહ્યાં છે. ચાહકો તેમના આમ અચાનક લગ્નને લઈને ખૂબ ચોંકી ગયા છે. છૂટાછેડાના ૫ વર્ષ પછી બીજા લગ્ન, રેપર રફતારના લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા પ્રખ્યાત રેપર રફતારના બીજા લગ્ન ૩૧ જાન્યુઆરીએ થયા, તેમની દુલ્હન ફેશન સ્ટાઈલિસ્ટ અને અભિનેત્રી મનરાજ જવાંડા છે. રફતાર અને મનરાજના લગ્નનો પહેલો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ લગ્ન દક્ષિણ ભારતીય પરંપરાગત રીતે થયા હતા. રફતારના પહેલા લગ્ન ૨૦૧૬ માં કોમલ વોહરા સાથે થયા હતા, પરંતુ ૨૦૨૦ માં બંનેના છૂટાછેડા થઈ ગયા. પ્રખ્યાત રેપર



રફતાર, જેમની પાસે ખૂબ મોટી ફેન ફોલોઈંગ છે, તે આ દિવસોમાં પોતાના અંગત જીવનને લઈને સમાચારમાં છે. તેના પહેલા લગ્ન કોમલ વોહરા સાથે થયા હતા, પરંતુ બંનેના ૫ વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. હવે રફતારએ પોતાના જીવનમાં એક નવી શરૂઆત કરી છે અને તેણે બીજી વાર લગ્ન કર્યા છે. અહેવાલો અનુસાર, રફતારએ ૩૧ જાન્યુઆરીએ તેના નજીકના મિત્રો અને પરિવાર વચ્ચે બીજા લગ્ન કર્યા. તેમની દુલ્હન ફેશન સ્ટાઈલિસ્ટ અને અભિનેત્રી મનરાજ જવાંડા છે. તેમના સંબંધોના સમાચાર પહેલાથી જ સાંભળવા મળી રહ્યા હતા અને હવે તેમના લગ્નના પહેલા ફોટા સામે આવ્યા છે. રફતાર અને કોમલ વોહરાના લગ્નનો પહેલો ફોટો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ x પર સામે આવ્યો છે. તસવીરમાં બંનેના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાય છે અને તેમના પરિવારના સભ્યો પણ આ ખુશી શેર કરી રહ્યા છે.

# વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સ્પર્શ લેપ્રસી જન-જાગૃતિ અભિયાનની શરૂઆત

## ચૂંટણી આચારસંહિતા સિવાયના ગામોની ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભાનું આયોજન કરાયુ









। (માહિતી) વલસાડ, તા.૨ ।

રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત પૂ.મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિવસ તા. ૩૦ જાન્યુઆરીથી સ્પર્શ લેપ્રસી જન-જાગૃતિ અભિયાનની શરૂઆત ''ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેરસમજ દુર કરીએ અને રક્તપિત-ગ્રસ્ત વ્યક્તિ વણશોધાયેલ ના રહે તે સુનિશ્ચિત કરીએ''ના સૂત્ર સાથે કરવામાં આવી હતી. આ અભિયાન તા. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ચાલશે. એન્ટી લેપ્રેસી ડે ની ઉજવણી આખા ભારતમાં દર વર્ષે કરવામાં આવે છે. વલસાડ જિલ્લામાં પણ આ દિવસની ઉજવણી ધામધૂમથી કરવામા આવી હતી જે અંતર્ગત જિલ્લાના સમગ્ર ગામો (ચૂંટણી આચારસંહિતા સિવાયના ગામો) માં ગ્રામ સભાનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યુ હતું જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ગ્રામજનોને રક્તપિત રોગ વિશે સંપૂર્ણ જાણકારી તેમજ રક્તપિત્તના દર્દીઓને લોકોનો સાથ-સહકાર મળે જેથી રક્તપિત્તના દર્દીને શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક રીતે સહાયકરૂપ થાય તેવી ચર્ચા કરવામાં આવી હતી જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જિલ્લામાં થી રક્તપિત રોગ નાબૂદીના સંદેશનું વાંચન કરવામાં આવ્યુ હતું તેમજ સૌ સાથે મળી ''આપણું ગુજરાત, રક્તપિત્ત મુક્ત ગુજરાત'' બનાવવા માટે શપથ લીધી હતી. આ ગ્રામ સભાઓમાં ગામનાં સરપંચશ્રી, તાલુકા, જિલ્લાના મહાનુભાવશ્રી, ગામના અગ્રણી, સમાજસેવી, શિક્ષકગણ, તલાટીશ્રી તેમજ આરોગ્ય અધિકારીશ્રી/કર્મચારીશ્રી અને આશા બહેનો હાજર રહ્યા હતા. આ સમગ્ર અભિયાન દરમ્યાન રક્તપિત રોગ નાબૂદ કરવા જુદા-જુદા માધ્યમો દ્વારા બહોળા પ્રચાર–પ્રસાર કરવામાં આવશે તેમજ સમાજમાં કોઈપણ દર્દી વણશોધાયેલ ના રહી જાય આ અભિગમ સાથે જિલ્લામાં તમામ આરોગ્ય કર્મચારી, આશા બહેનો તેમજ સ્વયં-સેવી સંસ્થાઓ કામગીરી કરશે. બોક્સ મેટર જિલ્લામાં રક્તપિત્તના નવા ૩૫૫ દર્દી શોધવામાં સફળતા મળી વલસાડ જિલ્લા રક્તપિત અધિકારીશ્રીએ જણાવ્યું કે, એપ્રિલ -૨૦૨૪ થી ડિસેમ્બર- ૨૦૨૪ સુધીમાં રક્તપિત્તના નવા ૩૫૫ દર્દી શોધવામાં સફળતા મળી છે. જેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. આ રોગ નિયમિત એમડીટી સારવારથી સંપૂર્ણપણે મટી શકે છે. પેપી પ્રકારના રક્તપિત્તમાં ૧૨ માસની અને બીનચેપી પ્રકારના રક્તપિત્તમાં ૬ માસની સારવાર જરૂરી છે.

# વિધાનસભા નાયબ દંડક વિજયભાઇ પટેલની ઉપસ્થિતમા, સુબિરના પિપિલદહાડ ખાતે રસ્તાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨ ।

ગુજરાત વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતમા તારીખ ૩૦ જાન્યુઆરીના રોજ સુબિર તાલુકાના પિપલદહાડ ખાતે પંચાયત, માર્ગ અને મકાન વિભાગના કુલ રૂપિયા ૨૧૭.૨૮ લાખના ખર્ચે નિર્માણ થનારા પિપલદહાડ થી જામનસોંઢા રસ્તાનુ ખાતમુહૂર્ત કરાયું હતું. સુબિર તાલુકા વિસ્તારના પ્રતિનિધિઓ તેમજ લોકો દ્વારા રસ્તાની માંગણીને ધ્યાને લઈ સુબિર તાલુકાના મહત્વના રસ્તાનું ખાતમુહર્ત કરાયુ છે. જે રસ્તાઓ સ્થાનિક લોકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે તેમ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગ જણાવ્યું હતું. સુબિર તાલુકાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રોડ ચે.૦/૦ થી ૫/૬૬૦ કિ.મી જે કુલ ૨૧૭.૨૮ લાખના ખર્ચે નિર્માણ થનારા રસ્તાનુ, સ્ટ્રેન્ધનીંગ એન્ડ રીસરફેંસીંગ ઓફ ફોરેસ્ટ રોડ પિપલદહાડ થી જામનસોંઢા રોડનું વિધાનસભા નાયબ દંડક શ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના સદસ્યો, સુબિર તાલુકા પંચાયતના સદસ્યો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધરતીપુત્ર કરણસિંહ તડવી પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો વેચાણ કરી મેળવે છે આવક



। (માહિતી) છોટાઉદેપુર, તા.૨ ।

પ્રકૃતિ અને માનવ જીવન બંનેના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી ખૂબ જરૂરી બની છે. ત્યારે છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને લોકોને સ્વાસ્થ્યપ્રદ ખેતપેદાશો પૂરી પાડવાની સાથે પ્રાકૃતિક કૃષિના આયામોનું વેચાણ કરી ધરતીપુત્રો આર્થિક રીતે સદ્ધર બની રહ્યા છે. આવા જ એક ખેડૂત છે છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કાળીયાપુરા ગામના કરણસિંહ તડવી.

કરણસિંહ તડવી છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે તેઓ પ્રાકૃતિક કૃષિ કરી સારું ઉત્પાદન મેળવે છે સાથે જ પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોની એમના વિસ્તારમાં વેચાણ પણ કરી રહ્યા છે. તેઓ જીવામૃત વિષે જણાવે છે કે, એક બેરલમાં ગૌમાતાનું ૧૦ કિલો ગોબર,૧૦ લીટર ગૌમૂત્ર, એક કિલો ચણાનો લોટ, એક કિલો દેશી ગોળ, ૫૦૦ ગ્રામ વડ નીચેની માટી પાણીમાં મિક્ષ કરી ઘડિયાળના કાંટાની દિશામાં સાવર સાંજ ૫-૫ મિનીટ સુધી હલાવવાનું રહેશે. શિયાળાના સમયમાં ૭ દિવસમાં તૈયાર થઈ જાય છે તેને પંપ દ્વારા અથવા પાણીમાં આપવામાં આવે છે.

વધુમાં નીમાસ્ત્ર વિષે તેઓ જણાવે છે કે, દસ લીટર ગૌમૂત્ર, ૧૦ કિલો દેશી ગાયનું ગોબર, કડવા લીંબડાના પાન નાખી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર સાંજ ૫-૫ મિનીટ સુધી હલાવવાનું રહેશે. ૧૦ દિવસમાં તૈયાર થઈ જાય છે, ત્યાર બાદ પાકમાં સૂક્ષ્મ જીવાતો પડે ત્યારે નીમાસ્ત્રના ઉપયોગથી દૂર થઈ જાય છે. સાથે દશ પર્ણી અર્ક માટે ૫૦૦ ગ્રામ લીલા મરચા, ૫૦૦ ગ્રામ હળદર, ૨૫૦ ગ્રામ આદુ, ૧ કિલો તંબાકુ, ૧૦ લીટર ગૌમૂત્ર, ૧૦ વનસ્પતિઓના પાનની (ચટણી) અને ૧૦૦ લીટર પાણી નાખી બનાવામાં આવે છે. જે કપાસ,મકાઈ અને શાકભાજીમાં નાની મોટી ઈયળનો નિયત્રણ માટે ખુબ ઉપયોગી છે. તડવી કરણસિંહ પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોની વેચાણની વાત કરતા જણાવે છે કે, જે આયામો બનાવીએ છે તે અન્ય ગામના ખેડૂતોને વેચાણ કરી સારી આવક મેળવીએ છીએ, જેમાં જીવામૃત ૧૦ રૂપિયા લીટર, નીમાસ્ત્ર ૧૦ રૂપિયા લીટર, બ્રહ્માસ્ત્ર ૨૦ રૂપિયા લીટર, અગ્નિસ્ત્ર ૨૦ રૂપિયા લીટર અને દસપર્ણીઅર્ક ૫૦ રૂપિયા લીટરે વેચાણ કરું છું . વધુમાં તેમણે જણાવ્યું કે, ગત વર્ષે કપાસની ખેતી કરી રહ્યા છે. કપાસના વાવેતરમાં તમને ૭ ક્વિન્ટલ કપાસનું ઉત્પાદન થયું હતું.

# વલસાડ એસટી વિભાગીય કચેરી ખાતે ઓપન હાઉસ સાથે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સેમિનાર યોજાયો



। (માહિતી) વલસાડ, તા.૨ ।

વલસાડ એસ. ટી. વિભાગીય કચેરી ખાતે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ ૨૦૨૫ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે બીજા સેશનમાં કર્મચારીઓના નાણાકીય સહિતના પ્રશ્નો બાબતે ઓપન હાઉસ પણ રાખવામાં આવ્યું હતું. અકસ્માતોને રોકવા માટે લેવામાં આવતા સલામતીના પગલા વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ સાથે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા વર્ષની ઉજવણીના ભાગ રૂપે વિભાગીય કચેરી ખાતે મોટિવેશનલ ટ્રેનર & કાઉન્સીલર ગૌરાંગ પટેલ દ્વારા ''જોયફૂલ માઈન્ડ''ના વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડ્રાયવરો સહિત કર્મચારીઓને સજાગતા સાથે રોડ સેફટીના નિયમોનું પાલન કરી જીવનરક્ષાનું મહત્વ સમજાવ્યું હતું. સાથે સાથે જીવનના મુલ્યોનું જતન કરવું અને તેને માટે હકારાત્મક સાથે મદદરૂપ થવાનો ભાવ કેળવવો તથા ફક્ત પોતાને માટે નહીં પણ અન્યોને માટે પણ જીવન જીવી લઈએ ના સૂત્રને ચારિતાર્થ કરવુ જોઈએ જેથી સારા અને સુદ્રઢ સમાજનું નિર્માણ થાય અને ઉત્તમ કક્ષાનું પરિબળ પ્રાપ્ત થતાં સર્વશ્રેષ્ઠ બની શકાય. આમ, જીવન જીવવાની કળા અદભુત રીતે રજુ કરી હતી. આ પ્રસંગે વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલ દ્વારા કામદારોમાં હકારાત્મકતા સાથે રોજીંદા જીવનની કામગીરી તથા પોતાના વ્યવહારમાં ધીરજ અને શાંતિપૂર્વક વ્યવહારુ બનીને જીવનના મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગીય કચેરી, વિભાગીય યંત્રાલયના કર્મચારીઓ સહિત લગભગ ૨૫૦ કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ સેમિનારના બીજા સેશનમાં એસ. ટી.વલસાડ વિભાગથી અવસાન, રાજીનામું, ફારેગ, નિવૃત થયેલા કર્મચારીઓના નાણાકીય સહિતના પ્રશ્નો બાબતે ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતુ જેમાં ૨૬ કર્મચારીઓ પ્રત્યક્ષ હાજર રહ્યા હતા.

## સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ બનવાના સપના સેવતો દિવ્યાંગ યુવાન પાર્થ રાવલ

# સેરેબ્રલ પાલ્સીથી પીડિત હોવા છતાં પાર્થે મજબૂત મનોબળ રાખી શિક્ષણ અને નોકરીના પડકારોનો સ્વીકાર કર્યો

## શારીરિક મર્યાદાઓ હોવા છતાં પગ અને અંગૂઠા દ્વારા લેપટોપ, મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સનું સંચાલન કરતો દિવ્યાંગ યુવાન પાર્થ



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

સેરેબ્રલ પાલ્સી સાથે જન્મેલાં બાળકો શું ના કરી શકે! આશ્ચર્યની વાત એ છે કે, આ બાળકો સામાન્ય બાળકો કરતાં પણ વધારે ટેલેન્ટ ધરાવતા હોય છે. આવો જ એક દિવ્યાંગ યુવાન એટલે પાર્થ કમલેશ રાવલ જે જીવનની શરૂઆતથી જ પડકારોનો સામનો કરીને આગળ વધી રહ્યો છે.

પાર્થની શરૂઆત અમદાવાદમાં આવેલ સંસ્થા 'નેશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપોર્ચ્યુનિટીઝ ફોર હેન્ડીકેપ્ડ'થી થઈ હતી. પાર્થે પ્રાથમિક શિક્ષણ આંબલીયાસણની સ્થાનિક સરકારી શાળામાં મેળવ્યું હતુ. જોકે, પાર્થનું જીવન અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં અલગ હતું પરંતુ, સામાન્ય બાળકોની સાથે શિક્ષણ મેળવવાનો તેને આનંદ હતો. સમય સાથે શાળા અને શિક્ષણ સંસ્થાઓના સહયોગથી પાર્થે પોતાનો સ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. પાર્થે ભણતર કાળમા શૈક્ષણિક સિદ્ધિઓ મેળવવા ઉપરાંત ઈત્તર પ્રવૃત્તિઓમાં પણ ખૂબ રસ લીધો. એક વર્ષ સુધી ચેસની રમત અને ચિત્રકામના અનુભવોએ પાર્થના વિકાસમાં ભાગ ભજવ્યો અને તેને વધુ સ્થિતિસ્થાપક અને આત્મવિશ્વાસપૂર્ણ બનાવવામાં મદદ કરી. અમદાવાદમાં આવેલ યુનિક ચિલ્ડ્રન ક્લબનો પણ પાર્થના જીવનમાં ઘણો સહકાર રહ્યો. આ સંસ્થાએ પ્રોત્સાહન આપીને પાર્થના વિકાસમાં મોટો ભાગ ભજવ્યો.

આ બધી કપરી પરિસ્થિતિઓ વચ્ચે પણ પાર્થે વિશ્વની અગ્રણી બહુરાષ્ટ્રીય કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ(TCS)માં નોકરી મેળવી. પાર્થ અહીં છેલ્લાં અઢી વર્ષથી BPO ટ્રેઈની તરીકે કામ કરે છે. પાર્થની સૌથી અલગ વાત એ છે કે, તે તેના પગ અને અંગૂઠા દ્વારા લેપટોપ, મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનું સંચાલન કરી શકે છે. તેણે ક્યારેય તેની શારીરિક મર્યાદાઓના કારણે પાછીપાની કરી નથી. પાર્થે તેની બધી પરીક્ષાઓ લેખકની મદદથી આપી, અને બીજી રીતે તેણે તેના માર્ગમાં આવતા તમામ પડકારોને સ્વીકારી લીધા. સેરેબ્રલ પાલ્સીથી આવેલા અવરોધો છતાં, પાર્થે ક્યારેય આગળ વધવાનું બંધ કર્યું નથી. પાર્થે પોતાનો વ્યવસાય શરૂ કર્યો, જેમાં તે નાનાં બાળકોનાં કપડાંનો વ્યવસાય કરે છે. દિવ્યાંગ પાર્થ રમતગમત, ખાસ કરીને ક્રિકેટમાં ઊંડો રસ ધરાવે છે. પાર્થને નાનપણથી જ રમતગમતમાં, ખાસ કરીને ક્રિકેટમાં ઊંડો શોખ રહ્યો છે. પણ જેમ જેમ તેનો સમય અને સમજ વધતી ગઈ તેમ તેમ તેને ક્રિકેટમાં ઊંડો રસ પડવા લાગ્યો. આ ઉપરાંત, પાર્થ રમતગમતના વિવિધ વિષયો ઉપર લખે છે.

પાર્થ પોતે એક સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ બનવાનું સપનું સેવે છે. તે પોતાની નોકરીની સાથે નવરાશના સમયમાં સ્પોર્ટ્સ વિશે આર્ટિકલ પોતાની સમજણ અને મંતવ્યોને આધારે ઈન્ટરનેટ દ્વારા રીસર્ચ કરીને લખે છે. જેમ કે, ૨૦૨૪ ઓલિમ્પિકમાં વિનેશ ફોગાટનો વિવાદ, મુંબઈ ઈન્ડિયન્સ સાથે રોહિત શર્માને જાળવી રાખવાની અટકળો, ICCના અધ્યક્ષ તરીકે જય શાહની ચૂંટણી, શીતલ દેવી, અવની લેખારા, પ્રીતિ પાલ, નિષાદ કુમાર અને હરવિંદરસિંહ જેવા એથ્લેટ્સની સિદ્ધિઓ, જગ્રિનહામની ગ્રાઉન્ડબ્રેકિંગ પેરાઓલમ્પિક મેડલની જીત, ચેસ ઓલિમ્પિયાડમાં ગુકેશ અને અર્જુનની સફળતા, ટેસ્ટ ક્રિકેટમાં હાર્દિક પંડ્યાની સંભવિત વાપસી, લાંબી ટેસ્ટ સિઝન માટે ચેન્નાઈમાં ટીમ ઈન્ડિયાનો કેમ્પ, ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ ટેસ્ટ સીરીઝ માટે યશ દયાલનો પ્રથમ કોલ અપ, રિકી પોન્ટિંગ IPL ૨૦૨૫ માટે પંજાબ કિંગ્સ સાથે મુખ્ય કોચ તરીકે જોડાયાની વાત જેવા વિવિધ વિષયો આવરી લઈને તેણે ઘણા લેખો અત્યાર સુધીમાં લખ્યા છે.

# પદ્મ વિજેતા સવજીભાઈ ધોળકિયા સાથે છતીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્રના આદિવાસી યુવાનોએ મુલાકાત લીધી



। (માહિતી) સુરત, તા.૨ ।

ભારત સરકારના નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા ૧૬માં આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યક્રમના ભાગરૂપે છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્રના કુલ ૨૦૦ યુવાનો તેમજ ૨૦ CRPF જવાનોએ સુરત ખાતે તા.૨૬ જાન્યુઆરીથી તા.૧લી ફેબ્રુઆરી સુધી સુરત ખાતે વિવિધ સ્થળોની મુલાકાત કરવામાં આવી રહી છે. જેમાં પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા (હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને ચેરમેન) એ પ્રતિભાગીઓ સાથે મુલાકાત કરી હતી.

સવજીભાઈએ તેઓને સખત મહેનત, નિશ્ચય અને આત્મવિશ્વાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે યુવાનોને શિક્ષણ અને આધુનિકીકરણને અપનાવવાની સાથે સાથે તેમના વારસા અને સંસ્કૃતિમાં ગર્વ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. ચોથા દિવસે તા.૨૯મીના રોજ સવારે યોગ ગરબા, સ્વચ્છતા તેમજ વૃક્ષારોપણ કરાવાવામાં આવ્યું. ત્યારબાદ પહેલા સેશનમાં શ્રી હરેન ગાંધી, એરફોર્સ ઓફિસર દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણ અંગે પ્રોત્સાહિત કર્યા હતા. બીજા સેશનમાં ડૉ. વિજય રાદડિયા, એસોસિયેટ ઓફિસર્સ સીડીસી, ઓરો યુનિવર્સિટી દ્વારા નવીનતા અને ઉદ્યોગસાહસિકતા અંગે માહિતગાર કરવામાં આવ્યા. આદિવાસી યુવાઓ માટે દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણ અથવા આતંકવાદ વિરુદ્ધ વિકાસ વિષય પર વક્તવ્ય સ્પર્ધા રાખવામાં આવી. સ્પર્ધામાં ૩૦થી વધુ યુવાઓએ ખૂબ જ આત્મવિશ્વાસથી અને ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા પ્રતિભાગીઓને રોકડ રકમ આપી સન્માનિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માય ભારત અને નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના રાજ્ય નિર્દેશક શ્રી દુષ્યંત ભટ્ટના માર્ગદર્શન હેઠળ નેહરુ યુવા કેન્દ્ર સુરતના જિલ્લા યુવા અધિકારી શ્રી સચિન શર્મા દ્વારા કરવામાં આવી રહ્યું છે

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપ વાની જરૂર પડશે. યોગ્ય સલાહ લેજો કેમ કે તમારી બાજુએ જરાક પણ બેદરકારી સમસ્યાને વકરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમને લાભ થવાની શક્યતા છે.

### સેના અને બળવાખોરો વચ્ચે ભીષણ અથડામણ | બળવાખોર જૂથ M23ના સશસ્ત્ર બળવાખોરો ઉત્તર કિવુ, ડીઆરસીમાં આતંક ફેલાવવાના નવા રસ્તાઓ શોધી કાઢ્યા છે

# સેન્ટ્રલ આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના ગોમા શહેરમાં નરસંહાર જેવી સ્થિતિ સર્જાઇ



| (એજન્સી) નવીદિલ્હી, તા.૨ |

સેન્ટ્રલ આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના ગોમા શહેરમાં નરસંહાર જેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા એક સપ્તાહમાં આ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ઓછામાં ઓછા ૭૭૩ લોકોના મોત થયા છે. આ મૃત્યુઆંક વધવાની ભીતિ છે. આ મોત પાછળનું કારણ બળવાખોરો દ્વારા થયેલો હુમલો છે.

કોંગોની સેનાની પાડોશી દેશ રવાંડા સમર્થિત બળવાખોરો (M23 જૂથ) સાથે થયેલી લડાઈમાં ૭૭૩ લોકોના મોત થયા છે. આ બળવાખોરોએ એક દાયકાના સંઘર્ષમાં શહેર પર કબજો જમાવ્યો છે. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના આરોગ્ય મંત્રાલયે ૧ ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે, સ્ર૨૩ બળવાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ૩૦ જાન્યુઆરી સુધી ૭૭૩ મૃતદેહ મળી આવ્યા હતા. આ હુમલામાં ૨૬ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી વચ્ચે ૨,૮૮૦ લોકો ઘાયલ થયા હતાં. ગોમા એ ડીઆરસીના પૂર્વ ભાગમાં આવેલું સૌથી મોટું શહેર અને ઉત્તર કિવુ પ્રાંતની રાજધાની છે. આ શહેર સોના, કોલ્ટન અને ટીનની ખાણો માટે જાણીતું છે. આ અઠવાડિયે બળવાખોર જૂથ સ્ર૨૩એ તેના પર કબજો કરી લીધો હતો. સ્થાનિક રહેવાસી જીન માર્કસે જણાવ્યું હતું કે, M23 એ પાણી અને વીજળી સહિતની મૂળભૂત સેવાઓ પુનઃસ્થાપિત કરવાનું વચન પણ આપ્યું હતું. આવી સ્થિતિમાં, ૧ ફેબ્રુઆરીએ, ગોમાના સેંકડો રહેવાસીઓ શહેરમાં પાછા ફરતા જોવા મળ્યા હતા. તેઓએ કાટમાળ અને લોહીથી લથબથ વિસ્તારોને સાફ કર્યા હતાં. માનવતાવાદી સંસ્થાઓ ગોમા શહેરમાં (ભારે લડાઈ વચ્ચે) રાહત કાર્ય કરી રહી છે. તેઓએ હોસ્પિટલોને મદદ કરી અને રાહત પૂરી પાડી છે. આ સંસ્થાઓને કામકાજમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, અને તેમના કર્મચારીઓને પણ અસર થઈ હતી.બળવાખોર જૂથ M23ના સશસ્ત્ર બળવાખોરો ઉત્તર કિવુ, ડીઆરસીમાં આતંક ફેલાવવાના નવા રસ્તાઓ શોધી કાઢ્યા છે. પાડોશી દેશ રવાન્ડા સ્ર૨૩ને બળાત્કાર, હત્યા અને ત્રાસ જેવા ગુનાઓ માટે પૈસા, શસ્ત્રો અને પુરવઠો પૂરો પાડે છે. લગભગ ૪,૦૦૦ રવાન્ડાના સૈનિકોએ M23ને સમર્થન આપી રહ્યા છે. બળવાખોર જૂથ 'નેશનલ કોંગ્રેસ ફોર ધ ડિફેન્સ ઑફ ધ પીપલ' અને કોંગો સરકાર વચ્ચે સમજૂતી થઈ હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે તેના સૈનિકોને 'ફોર્સિસ આર્મીસ ડે લા રિપબ્લિક ડેમોક્રેટીક ડુ કોંગો' માં સામેલ કરવામાં આવશે. સરળ ભાષામાં, FARDC એ કોંગોની સરકારી સેના છે. તે જ સમયે, સીએનડીપી રાજકીય પક્ષ બનવા માટે સંમત થઈ હતી. પરંતુ CNDP એ સ્વીકાર્યું કે સરકારે આ કરારની શરતોનો સંપૂર્ણ અમલ કર્યો નથી. અને આ કારણોસર ૨૦૧૨માં સ્ર૨૩ ચળવળની રચના કરવામાં આવી હતી. આ જૂથે સરકાર સામે બળવો કર્યો. અને તે આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

### ગ્રાહકોના નામના ખોટા અને બનાવટી વિઝા બનાવ્યા હતા

# કેનેડા અને ઓસ્ટ્રેલિયા જવા ઈચ્છતા ૩૯ લોકો સાથે ૧.૪૯ કરોડની ઠગાઈ

| (એજન્સી) નવીદિલ્હી, તા.૨ |

વાસણા ભાયલી રોડ પર અક્ષર પેવેલિયનમાં રહેતા હિમાંશુ સુરેન્દ્રકુમાર રાવ એસોર કેપીટના નામે ઈમિગ્રેશનનું કામ કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, હું કેટલાક દેશોનું કામ કરું છુ. પરંતુ, અન્ય દેશમાં જવા માંગતા ગ્રાહકોનું કામ તેમના જેવું જ કામ કરતી અન્ય ઓફિસ પાસે કરાવું છું. જોબ્સ એશિયા નામની ઈમિગ્રેશન ફર્મના સંચાલક સુખવીંદરસીંગના સંપર્કમાં હું વર્ષ ૨૦૧૫-૧૬માં આવ્યો હતો. તેમની પાસે શરૂઆતમાં સીંગાપુરના ઈન્ટર્નશિપ વિઝા, વર્ક પરમિટ વગેરેનું કામ તેમની પાસે કરાવ્યું હતું.વર્ષ - ૨૦૨૦માં અમારા ૩૯ ગ્રાહકોનું ઓસ્ટ્રેલિયા તથા કેનેડાના ઝિા પ્રોસેસ તથા વર્ક પરમિટનું કામ સોંપ્યું હતું. તેના માટે ૧.૪૯ કરોડ બેંક એકાઉન્ટમાં ચૂકવ્યા હતા. ૧૯.૦૮ લાખ રોકડા તથા ૧૫.૪૪ લાખ ક્રિપ્ટો કરન્સી કોઈન દ્વારા ચૂકવ્યા હતા. ૯ ગ્રાહકોને ઓસ્ટ્રેલિયાના વિઝિટર વિઝા સુખવીંદરસીંગે અમને મોકલ્યા હતા. તેના આધારે ગ્રાહકો ટિકિટ બુક કરાવીને એરપોર્ટ પર પહોંચ્યા હતા. ત્યારે એરપોર્ટ ઓથોરિટીએ આ વિઝા નકલી હોવાનું જણાવ્યું હતું. આવું જ અન્ય ગ્રાહકો સાથે થયું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, અન્ય વ્યક્તિઓના નામે ઈશ્યૂ થયેલા વિઝામાં ચેડાં કરીને આરોપીએ અમારા ગ્રાહકોના નામના ખોટા અને બનાવટી વિઝા બનાવ્યા હતા. જેના કારણે ગ્રાહકો રોષે ભરાયા હતા. પરંતુ, આરોપીના કહેવાથી મેં ગ્રાહકોને સમજાવી સમય માંગ્યો હતો.

ત્યારબાદ કેનેડા જવા ઈચ્છતા લોકો સાથે પણ આરોપીએ આ રીતે છેતરપિંડી કરી હતી અને ખોટા એલ.એમ.આઈ.એ. બનાવ્યા હતા. તેમજ આરોપીએ કેનેડાના કામ માટે લીંગ વોંગ એન્ડ એસોસિયેટ્સ નામની કંપનીનો સંપર્ક કરવા કહ્યું હતું. તેના આધારે મેં સંપર્ક કર્યો હતો. પરંતુ, વેરિફિકેશન દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ કંપનીનો મને આપેલો ઈમેલ ખોટો હતો. આરોપી ભારત આવ્યો હોવાની જાણ થતા ફરિયાદ કરી પણ પોલીસે કોઈ કાર્યવાહી ના કરી ત્યારબાદ આરોપી પૈસા પરત કરવાનો ભરોસો આપી દુબઇ ફરાર થઈ ગયો હતો. થોડા સમય પછી તે પરત ભારત આવ્યો હોવાની જાણ થતા હિમાંશુ રાવે આ અંગે તા. ૨૭ - ૧૨ -૨૦૨૩ના રોજ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી હતી. વાસણા ચોકીના પી.એસ.આઈ. દ્વારા ૧૦મી જાન્યુઆરી - ૨૦૨૪ના રોજ નિવેદન લેવામાં આવ્યા હતા. પરંતુ, કોઈ કાર્યવાહી નહીં થતા તા. ૨૨- ૦૩-૨૦૨૪ ના રોજ પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી હતી. પરંતુ, કોઈ કાર્યવાહી નહીં થતા હિમાંશુ રાવે કોર્ટમાં ફરિયાદ કરી હતી. કોર્ટે સીઆરપીસી ૧૫૬ (૩) મુજબ ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરતા ગોત્રી પોલીસે ગુનો દાખલ કર્યો છે.સુખવીંદરસીંગે વિદેશ જવા ઈચ્છતા લોકો સાથે છેતરપિંડી કરી ૧.૪૯ કરોડ પડાવી લીધા હતા. તેણે બનાવેલા ખોટા ડોક્યુમેન્ટ્સના કારણે કેનેડાની એમ્બસી દ્વારા તમામ લોકોને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે.

### નાગપુરથી એક હચમચાવી મૂકે તેવા અહેવાલ સામે આવ્યા

# ૧૫ વર્ષોમાં ૫૦ સ્ટુડન્ટ્સને હવસનો શિકાર બનાવી

| (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૨ |

મહારાષ્ટ્રના નાગપુરથી એક હચમચાવી મૂકે તેવા અહેવાલ સામે આવ્યા છે. એક ૪૫ વર્ષીય સાઈકોલોજિસ્ટ પર ૫૦થી વધુ વિદ્યાર્થિનીનું શોષણ કર્યાના આરોપો લાગ્યા છે. સાઈકોલોજિસ્ટની ધરપકડ કરી લેવામાં આવી છે. તે નાગપુરના પૂર્વ ભાગમાં એક ક્લિનિક ચલાવતો હતો. માહિતી અનુસાર ડૉક્ટરે છેલ્લા ૧૫ વર્ષોમાં ૫૦ વિદ્યાર્થિનીઓને બ્લેકમેઈલ કરીને પોતાની હવસ સંતોષી હતી. પોલીસ અધિકારીએ આ મામલે કહ્યું કે આરોપી સામે પોક્સો અને એસસી-એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીએ કથિતરૂપે સ્ટુડન્ટ્સ એમાય ખાસ કરીને વિદ્યાર્થિનીઓને પર્સનલ અને પ્રોફેશનલ ડેવલપમેન્ટનો વાયદો કરીને જાળમાં ફસાવી અને તેમના માટે ટ્રિપ અને કેમ્પ આયોજિત કર્યા હતા. જ્યાં તે તેમનું શારીરિક શોષણ કરતો હતો. પોલીસે જણાવ્યું કે આરોપી શારીરિક શોષણની ઘટનાને અંજામ આપતી વખતે પીડિતોની અશ્લીલ તસવીરો ખેંચી લેતો અને બાદમાં તેમને બ્લેકમેઈલ કરી પોતાના ફાયદા માટે તસવીરોનો ઉપયોગ કરતો હતો.

### રામદેવની મુશ્કેલીઓ ફરી એકવાર વધી રહી છે

# કેરળની એક કોર્ટે રામદેવ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જાહેર કર્યું

### કેરળના ડ્રગ્સઈન્સ્પેક્ટર દ્વારા દિવ્યા ફાર્મસી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા ક્રિમિનલ કેસમાં તે હાજર થયો ન હતો

| (એજન્સી) કેરળ, તા.૨ |



યોગ ગુરુ બાબા રામદેવની મુશ્કેલીઓ ફરી એકવાર વધી રહી છે. કેરળની એક કોર્ટે રામદેવ વિરુદ્ધ બિનજામીન પાત્ર વોરંટ જાહેર કર્યું છે. રામદેવ ઉપરાંત પતંજલિ યોગપીઠના પ્રમુખ આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ પણ વોરંટ જારી કરવામાં આવ્યું છે. કેરળની પલક્કડ જિલ્લા અદાલતે બંનેની ગેરહાજરીને કારણે તેમની સામે વોરંટ જારી કર્યું છે. તમને જણાવી દઈએ કે કેરળના ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દ્વારા દિવ્યા ફાર્મસી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા ક્રિમિનલ કેસમાં તે હાજર થયો ન હતો. કોર્ટે બંને સામે બિનજામીન પાત્ર વોરંટ જારી કરીને ૧૫મી ફેબ્રુઆરીએ હાજર રહેવા આદેશ કર્યો છે. અગાઉ, ૧ ફેબ્રુઆરીએ, કોર્ટે આ આરોપીઓ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું, જેથી તેઓ કોર્ટમાં હાજર થઈ શકે. આ કેસ દિવ્યા ફાર્મસી દ્વારા પ્રસારિત કરવામાં આવેલી કથિત ભ્રામક તબીબી જાહેરાતોથી સંબંધિત છે. જેના પર કેરળના ડ્રગ્સ ઈન્સ્પેક્ટરે કાર્યવાહી કરી છે. તમને જણાવી દઈએ કે, યોગ ગુરુ બાબા રામદેવ અને પતંજલિ આયુર્વેદ લિમિટેડ વિરુદ્ધ ઘણા કેસ નોંધાયા છે. આમાં ગેરમાર્ગે દોરનારી જાહેરાતો, તિરસ્કાર અને ટ્રેડમાર્ક ઉલ્લંઘન જેવા કેસોનો સમાવેશ થાય છે.

### કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ના વખાણ કરવાની સાથે ટીકા

# જો તમારી પાસે નોકરી જ નથી તો શું..' ૧૨ લાખની આવક કરમુક્તિ અંગે દિગ્ગજ નેતાનો કટાક્ષ

### જો કે, સાથે સાથે સવાલ પણ પૂછ્યો હતો કે, જેમની પાસે રોજગારી નથી, તેમના માટે બજેટમાં શું છે?

| (એજન્સી) નવીદિલ્હી, તા.૨ |

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે એનડીએ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ના વખાણ કરવાની સાથે ટીકા પણ કરી છે. તેમણે બજેટમાં રૂ. ૧૨ લાખની આવક ટેક્સ ફ્રી કરવાનો નિર્ણય આવકાર્યો છે. જો કે, સાથે સાથે સવાલ પણ પૂછ્યો હતો કે, જેમની પાસે રોજગારી નથી, તેમના માટે બજેટમાં શું છે?

શશિ થરૂરે જણાવ્યું હતું કે, 'મધ્યમ વર્ગ માટે ટેક્સમાં ઘટાડો સારી બાબત હોઈ શકે છે. જો તમારી પાસે નોકરી અને પગાર છે, તો તમારે હવેથી ઓછો ટેક્સ ચૂકવવો પડશે. પરંતુ મહત્વનો પ્રશ્ન એ છે કે જો અમારી પાસે નોકરી ન હોય, પગાર ન હોય તો શું?'



વધુમાં થરૂરે કહ્યું હતું કે, 'હું માનું છું કે જો તમારી પાસે નોકરી હોય અને તમારો પગાર ૧૨ લાખ રૂપિયા સુધી હોય તો તમારે ખુશ થવું જોઈએ. પરંતુ બેરોજગારો માટે બજેટમાં શું હતું? અમે એક વખત પણ નાણામંત્રીના મોઢેથી બેરોજગારી અને મોંઘવારી દર જેવા શબ્દો સાંભળ્યા નથી. તેમણે ભાજપ પર આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી બજેટ તૈયાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. થરૂરે કહ્યું કે જો તમે બિહારમાં રહો છો અને તમે સાથી પક્ષમાંથી છો, તો ચોક્કસપણે તમને એવી સુવિધાઓ મળશે જેનો તમને ચૂંટણીમાં ફાયદો થશે.

આ વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મધ્યમ વર્ગના લોકોને મોટી ભેટ આપી છે. તેણે ૧૨ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ટેક્સ ફ્રી કરી છે. નોકરી કરતા લોકો માટે આ મર્યાદા ૧૨.૭૫ લાખ રૂપિયા છે. તેમને ૭૫ હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન છે. આ રાહત નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ આપવામાં આવી છે. જૂની ટેક્સ સિસ્ટમ પસંદ કરનારાઓ માટે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ પણ, જો તમારી વાર્ષિક આવક રૂ. ૧૨.૮૦ લાખથી પણ વધે છે, તો તમારે સ્લેબ મુજબ ટેક્સ ચૂકવવો પડશે.

એટલે કે તમારે ૪ થી ૮ લાખ રૂપિયાની વચ્ચે ૫% અને ૮ થી ૧૨ લાખ રૂપિયાની વચ્ચે ૧૦% ટેક્સ ચૂકવવો પડશે.

### મહાકુંભથી પરત આવતા ૫ નેપાળીઓના મોત

# સ્ટંટ કરતાં યુવકને બચાવવાના ચક્કરમાં SUVનો અકસ્માત

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૨ |

પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાંથી પરત ફરી રહેલા નેપાળના પાંચ લોકોને કાર અકસ્માત નડતાં મોત નીપજ્યા હતા. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં મધુબની ફોર-લેન બાયપાસ પર આ ઘટના બની હતી. જેમાં સ્ટંડ કરી રહેલા બાઈક સવારને બચાવવા જતાં એસયુવી ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાવહ હતો કે, કારમાં સવાર પાંચ જણના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. એસયુવી પણ સ્પીડમાં હોવાથી તે ડિવાઈડર સાથે ભટકાયા બાદ હવામાં પાંચ વખત ફંગોળાઈ હતી. હવામાં ફંગોળાતી વખતે કારનું એક ટાયર ફાટ્યું હતું અને તે છૂટ્ટુ પડી કારની અંદર જતુ રહ્યું હતું. એસયુવીનો કચ્ચરઘાણ થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતુ કે, કારમાં કુલ નવ જણ હતાં. જેમાં પાંચના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. અન્ય ચારને ગંભીર ઈજા થઈ હતી. મૃતકમાં અર્ચના ઠાકુર, ઈન્દુ દેવી, મંતરાની દેવી, બાલ ક્રિષ્ના જહાં અને ડ્રાઈવર હતાં. જ્યારે મનોહર ઠાકુર, સૃષ્ટી ઠાકુર, કામિની જહાં, અને દેવતરણ દેવીને ગંભીર ઈજાઓ થઈ હતી. તમામ શ્રદ્ધાળુઓ નેપાળના હતાં. પ્રત્યક્ષદર્શીઓએ આ અકસ્માત વિશે જણાવ્યું કે, અકસ્માત સ્થળ પર ભયાનક ચીસાચીસ થઈ હતી. કેટલાક યુવકો ચાર રસ્તા પર બાઈક પર સ્ટંટ કરી રહ્યા હતા. તે સમયે સ્પીડમાં આવતી કારે બાઈક સવારને બચાવવા જતાં ઓવરટર્ન લીધો હતો. જેથી કાર ડિવાઈડર સાથે અથડાઈ ગુલાંટી મારી હતી. બાઈક સવારો ઘટનાસ્થળેથી ભાગી ગયા હતાં.

### લૂંટમાં સંડોવાયેલા આંતરરાજ્ય ગેંગને સફળતાપૂર્વક પકડી પાડી

# ઓરિસ્સામાં કાલાહાંડી પોલીસે ૩.૫૧ કરોડ રૂપિયા સાથે ૮ લૂંટારાઓને ઝડપ્યા

### પોલીસે તેમના કબજામાંથી ૩.૫૧ કરોડ રૂપિયાની રોકડ, અનેક હથિયારો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે

| (એજન્સી) ઓરિસ્સા, તા.૨ |

ઓરિસ્સામાં કાલાહાંડી પોલીસે લૂંટમાં સંડોવાયેલા આંતરરાજ્ય ગેંગને સફળતાપૂર્વક પકડી પાડી છે. ધરમગઢ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ આ ધરપકડ કરી છે, જેમણે આઠ વ્યક્તિઓને કસ્ટડીમાં લીધા છે. પોલીસે તેમના કબજામાંથી ૩.૫૧ કરોડ રૂપિયાની રોકડ, અનેક હથિયારો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે. ધરપકડ કરાયેલા બધા ગુનેગારો ઝારખંડના છે.

અગાઉ, ૩૦ જાન્યુઆરીના રોજ ધર્મગઢ વિસ્તારમાં એક સ્થાનિક દેશી દારૂના એકમમાંથી અજાણ્યા બદમાશોએ રોકડ લૂંટી લીધી હતી. રાત્રે, ઘાતક હથિયારોથી સજ્જ આશરે આઠ લૂંટારુઓ પરિસરમાં ઘૂસી ગયા હતા અને સ્ટાફને હથિયારોથી ધમકાવીને ગુનો કર્યો હતો.

બાદમાં, એક ટીમ બનાવવામાં આવી હતી અને વિવિધ સ્થળોએ



દરોડા પાડવામાં આવ્યા હતા. શંકાસ્પદોએ ઝારખંડ નોંધણી નંબર ધરાવતી જીંફમાં ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ વાહનને અટકાવવામાં આવ્યું હતું અને શરૂઆતમાં બે આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓની ઓળખ રાંચીના તાહિર અંસારી, હુસૈન ખાન, જસીમ ખાન, શમીમ અંસારી, બાસુદેવ ગોપે, પિન્ટુ ઉર્ફે અલીમ, અનુજ કુમાર અને સમીમ અંસારી તરીકે કરી છે.

પોલીસે જણાવ્યું હતું કે જ્યારે તેમાંથી બે અથવા ત્રણે રોકડ લૂંટી લીધી હતી, અન્ય લોકોએ કર્મચારીઓને દોરડા વડે બાંધી દીધા હતા. આરોપીઓએ ફેક્ટરીમાં લાગેલા ઝઝફ કેમેરાની હાર્ડ ડિસ્ક પણ કાઢી નાખી હતી અને સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલમાં ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે જણાવ્યું હતું કે પોલીસ ટીમોએ તેમને શોધી કાઢ્યા પછી શરૂઆતમાં બે શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ અન્ય ઝારખંડ ભાગી જવામાં સફળ થયા હતા. બાકીના ૬ની આખરે ઝારખંડમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે ઓડિશા અને ઝારખંડના ૧૧ જિલ્લાઓની પોલીસ ટીમોએ શકમંદોને શોધવા માટે સહયોગ કર્યો. કાલાહાંડી ઉપરાંત, બાલાંગીર, બારગઢ, સંબલપુર, ઝારસુગુડા, સુંદરગઢ, રૌરકેલા, ગુમલા, રાંચી ગ્રામીણ, લોહાર ડાગા, પશ્ચિમ સિંઘભુમ અને સિમડેગા જિલ્લામાં પોલીસની ટીમો ઓપરેશનમાં સામેલ હતી.

### ટોલ બચાવવા માટે બસ ડ્રાઇવરે ટોલકર્મીને જ કચડી નાખ્યો

| (એજન્સી) હરિયાણા, તા.૨ |

હરિયાણાના ગુરુગ્રામ ટોલ પ્લાઝા પરથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં ટોલ ચૂકવણીમાંથી છટકી જવા હરિયાણા રોડવેઝ બસના ડ્રાઈવરે ટોલ કર્મચારીને જ કચડી નાખ્યો હતો. જેના કારણે ટોલ કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. આ સમગ્ર મામલો ગુડગાંવ સોહના રોડ પર સ્થિત ગમરોજ ટોલ પર બન્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. હાલમાં ઘાયલ ટોલકર્મી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. જેની હાલત ગંભીર છે.સીસીટીવી અનુસાર, ટોલ પ્લાઝા પર એક કાર ઉભી હતી. ટોલ પ્લાઝાના કર્મચારીની કાર ચાલક સાથે દલીલ થઈ રહી હતી. જો કે, થોડીવારમાં કાર ચાલક ટોલ પ્લાઝામાંથી બહાર નીકળે છે, ત્યાં જ કારની પાછળ ઉભેલી બસનો ડ્રાઈવર ટોલ ચૂકવવામાંથી છટકવા ભાગવાનો પ્રયાસ કરે છે. અને ટોલ પ્લાઝા પર ઉભેલા ટોલકર્મીને ટક્કર મારીને ભાગી જાય છે.

### આ સમગ્ર મામલો પ્રયાગરાજ-વારાણસી મહાકુંભ સ્પેશિયલ ટ્રેન સાથે જોડાયેલો છે

# મહાકુંભ સ્પેશિયલ ટ્રેન સ્ટેશન પર ઉભી રાખી અને લોકો પાયલોટ ત્યાંથી નીકળી ગયો

### તેણે કહ્યું કે તેણે ૧૬ કલાક સુધી ટ્રેન ચલાવી હતી, જેના કારણે તે થાકી ગયો હતો થાકને કારણે તે હવે ટ્રેન ચલાવી શકતો નથી

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૨ |

ભક્તોને મહા કુંભમાં લઈ જવા માટે ઘણી વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. આવી જ એક મહાકુંભ સ્પેશિયલ ટ્રેન સ્ટેશન પર ઉભી રાખી અને લોકો પાયલોટ ત્યાંથી નીકળી ગયો. ટ્રેન કેટલાય કલાકો સુધી સ્ટેશન પર ઉભી રહી, જેના કારણે મુસાફરો પરેશાન થઈ ગયા અને હંગામો મચાવવા લાગ્યા. વિભાગ તરફથી અન્ય એક લોકો પાયલોટને બોલાવવામાં આવ્યો, ત્યારબાદ ટ્રેન આગળ વધી.

આ સમગ્ર મામલો પ્રયાગરાજ-વારાણસી મહાકુંભ સ્પેશિયલ ટ્રેન સાથે જોડાયેલો છે. મિર્ઝાપુરના નિગતપુર રેલવે સ્ટેશન પર એક લોકો પાયલટે મહાકુંભ સ્પેશિયલ ટ્રેનને રોકી અને તે રવાના થઈ ગઈ. તેણે કહ્યું કે તેણે ૧૬ કલાક સુધી ટ્રેન



ચલાવી હતી, જેના કારણે તે થાકી ગયો હતો. થાકને કારણે તે હવે ટ્રેન ચલાવી શકતો નથી. વાસ્તવમાં, લોકો પ યલટે ટ્રેન રોકી અને સ્ટેશન માસ્ટરને મેમો આપ્યો અને ટ્રેન ચલાવવાની ના પાડી. સ્ટેશન માસ્તરે આની જાણ કંટ્રોલ રૂમને કરી. ત્રણથી ચાર કલાક ટ્રેન ઉભી રહી હતી ત્યારે સ્ટેશન માસ્તર પાસે પહોંચ્યા બાદ મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. આ માહિતી એસપીને આપવામાં આવી હતી. એસપીએ પોલીસ ફોર્સ મોકલીને મુસાફરોને શાંત કર્યા અને વારાણસીથી અન્ય એક લોકપાયલોટને મોકલવામાં આવ્યો. આ પછી ટ્રેન આગળ વધી. કહેવામાં આવી રહ્યું છે કે મહાકુંભ માટે સ્પેશિયલ ટ્રેન દોડાવવાના કારણે લોકોપાયલોટ પર વધુ દબાણ છે અને તેને વધારાની ડ્યુટી કરવી પડી રહી છે. એવું કહેવામાં આવ્યું હતું કે ટ્રેન નંબર ૦૦૫૩૭ મહાકુંભ વિશેષ ટ્રેન કચવાણ પોલીસ સ્ટેશનના નિગતપુર રેલવે સ્ટેશન પર પ્રયાગરાજથી કાશી વારાણસી આવી રહી હતી. નિગતપુર રેલ્વે સ્ટેશન પર ટ્રેન રોક્યા બાદ લોકો પાયલટ નીચે ઉતરી ગયો હતો. આના કારણે મુસાફરો નારાજ થઈ ગયા અને પછી પોલીસે તેમને સમજાવ્યા પછી તેમને શાંત પાડ્યા.

### થોડા દિવસ પહેલા ૬૫ લાખનો જથ્થો કબજે કરાયો હતો । આ ફેક્ટરીના ગોડાઉનમાંથી વધુ શંકાસ્પદ ઘીનો ૧૪ લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે

# સુરતમાં જોળવા ગામની ફેક્ટરીના ગોડાઉનમાં દરોડા

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતમાં પોલીસ અને પાલિકા દ્વારા થોડા દિવસ પહેલા એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં શંકાસ્પદ ઘી અને પનીરનો જથ્થો મળી આવ્યો હતો. ત્રણ જેટલા સ્ટોરમાંથી ૬૫ લાખનું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. આ શંકાસ્પદ ઘીની તપાસનો રેલો સુરત જિલ્લાના જોળવા ગામ સુધી પહોંચી ગયો હતો. ત્યાંથી આ ફેક્ટરીના ગોડાઉનમાંથી વધુ શંકાસ્પદ ઘીનો ૧૪ લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ફેક્ટરીના ગોડાઉનમાંથી જ સીટી અને જિલ્લામાં ઘી સપ્લાય કરાતું હોવાનું અનુમાન છે.

આ સાથે જ ઘીમાં કલર અને વનસ્પતિ એસેન્સનો ઉપયોગ થતો હોવાની શંકા છે તેના પગલે સેમ્પલ લઈને લેબમાં મોકલવામાં આવ્યા છે. લેબના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.૧૪ લાખથી વધુનો શંકાસ્પદ જથ્થો કબજે કરાયો સુરત સીટી અને જિલ્લો જાણે નકલી ચીજ વસ્તુઓનું હબ બની ગયું એવું લાગી રહયું છે. છેલ્લા ઘણાં સમયથી સુરત ગ્રામ્ય વિસ્તારમાં નકલી સાબુ, સફાઈ લિકવીડ સુધીની નકલી વસ્તુઓ પકડાઈ આવી છે. ત્યારે સુરત સીટી માંથી મળેલા શંકાસ્પદ ઘીની તપાસનો રેલો ગત રોજ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીના ગોડાઉન સુધી પહોંચ્યો હતો. પોલીસે દરોડો પાડી ૧૪ લાખથી વધુનુ શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કર્યો હતો. સેમ્પલ લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલાયા પલસાણા તાલુકાના જોળવા ખાતે ૧૪.૪૮ લાખનું શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયોહતો. જોળવા ગામનીસીમમાંઆવેલમારુતિ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા ખાતા નંબર ૧૩, ૧૪માં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીમાંથી પલસાણા પોલીસે લેબલ વગરના અલગ અલગ પૂઠ્ઠાના બોક્સમાં રાખેલા ડબ્બાઓ તેમજ પતરાના ડબ્બાઓમાંથી ઘી જેવું શંકાસ્પદ પ્રવાહી ભરેલું હોય તેના સેમ્પલ FSL ટીમને સાથે રાખી લીધા હતા.

થોડા દિવસ પહેલા ૬૫ લાખનો જથ્થો કબજે કરાયો હતો અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા સુરત સિટીમાં પુણા અને સારોલી વિસ્તારમાં આવેલા ત્રણ સ્ટોરમાં પોલીસ અને પાલિકાની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં ૬૫ લાખનું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. સુરત પાલિકાના ફૂડ વિભાગ અને પોલીસ વિભાગે મળેલી માહિતીના આધારે પુણાના પરવટ પાટીયા નજીક આવેલા નારાયણ કોમ્પ્લેક્ષમાં તથા રાજપુરોહિત ટ્રાન્સપોર્ટ નગરમાં છાપો મારી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડયો, હતો.

અહીં શિવ શક્તિ ફુડ્સ એન્ડ ડેરી પ્રોડક્ટસ માલિક ઉમારામ મીઠાલાલ માલી પાસેથી હરે હરે ક્રિષ્ના પ્રીમિયમ કાઉ થી અને ગૌરી ગીર પ્રીમિયમ ક્વોલીટી કાઉ ઘી અને દેશી કાઉ ઘીના જુદી જુદી બ્રાન્ડના અલગ અલગ સાઈઝના જાર, ડબ્બા, પાઉચ મળી આશરે ૧૦૩૮૦ લીટર ઘી નો કુલ ૬૫.૧૩ લાખનો જથ્થો કબજે લઈ સિઝડ અને સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા છે.

ઉમારામ પોતાની જોળવાની ફેકટરીના ગોડાઉનમાં ઘી લાવી સુરતમાં સપ્લાય કરે છે. તે ખાદ્ય ઘી ની સાથે દીવા અને અગરબત્તીમાં ઉપયોગમાં લેવાતા ઘીનું છેલ્લા ૧૦ વર્ષથી ઉત્પાદન કરે છે. જયારે ખાદ્ય ઘી છેલ્લા પાંચ વર્ષથી બનાવે છે. તેની જોળવાની ફેક્ટરીમાં એક વર્ષ અગાઉ સુરત જીલ્લા પોલીસે રેડ કરી રૂ.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ગત બુધવારે ૨૯ જાન્યુઆરીના રોજ ૬૫ લાખનો શંકાસ્પદ ઘીનો જથ્થો મળ્યો હતો. અલગ અલગ પેકિંગમાં પેક કરી વેચાણ થતું હતું પુણા-સારોલી અને જોળવામાંથી મળેલા શંકાસ્પદ ઘીમાં મીલ્ક ફેટની જગ્યાએ કલર, વનસ્પતિનો ઉપયોગ થતો હોવાની શંકા છે. તે ઘી ૩૭૫ રૂપિયે કિલોથી માંડીને અલગ અલગ કિંમતે વેચાતું હતું, જોકે, રિપોર્ટને આધારે ભેળસેળનું પ્રમાણ નિર્ધારીત થશે. ઘીના સેમ્પલ વડોદરા લેબમાં મોકલાયા હતા. આ મામલે હાલ તો પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. લેબમાંથી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**ન્યૂઝ બ્રિફ**

### ગાંધીનગરમાં કસ્ટમ ઈન્સ્પેક્ટર સહિત 3 લોકો લાખોની લાંચ લેતા ઝડપાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતમાં ફરી એક વાર લાંચ લેતા અધિકારી ઝડપાયો હોવાની ઘટના સામે આવી છે. ગાંધીનગરના જમીયતપુરા પાસે કસ્ટમ ઈન્સ્પેક્ટર સહિત ૩ લોકો લાંચ લેતા ઝડપાયા છે. જમીયતપુરા પાસેના ICD કન્ટેનર ડેપોમાં કન્ટેનર ડેપોમાં ACBએ કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે ૨.૩૨ લાખની લાંચ લેતા અધિકારીઓ ઝડપાયા હતા. ACBએ કન્ટેનર પાર્કિંગમાં વોચ ગોઠવી ઓપરેશન પાર પાડ્યું હતું. કસ્ટમ ઈન્સ્પેક્ટર સતીદર સિંહે લાંચ માગી હોવાનું સામે આવી રહ્યું છે. કસ્ટમ વિભાગના ૨ આઉટસોર્સ રેસિડેન્ટ એન્જિનિયર ઝડપાયા હતા.

### સાપુતારામાં ચારધામ યાત્રાએથી પરત આવતી બસ ખીણમાં ખાબકી


। (એજન્સી) ડાંગ, તા.૨ ।

ગુજરાતના ડાંગ જિલ્લામાં રવિવારે વહેલી સવારે તીર્થયાત્રીઓને લઈ જતી એક ખાનગી બસને અકસ્માત નડ્યો. જેના બાદ આ બસ ખીણમાં ખાબકી જતાં ૫ શ્રદ્ધાળુઓનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ૧૭ જેટલાં લોકો ગંભીર રીતે ઘવાયા હતા. પોલીસે આ માહિતી આપી હતી. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ એસ.જી.પાટિલે કહ્યું કે આ દુર્ઘટના વહેલી સવારે ૪:૧૫ વાગ્યે થઈ હતી. સાપુતારા હિલ સ્ટેશન નજીક બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ ખીણમાં ખાબકી ગઈ હતી. તેમણે કહ્યું કે આ બસમાં ૪૮ તીર્થયાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ બેરિકેડ તોડીને ૩૫ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ દુઃખદ અકસ્માતમાં પાંચ તીર્થયાત્રીઓ મૃત્યુ પામી ગયા હતા જ્યારે ૧૭ની હાલત ગંભીર જણાવાઈ રહી છે. જેમને આહ્વા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે કેટલાક અન્ય એવા મુસાફરો પણ હતા જેમને સામાન્ય ઈજાઓ થઈ હતી. બચાવ કામગીરી પૂણર્ કરી લેવામાં આવી છે. મહારાષ્ટ્રના ત્ર્યંબકેશ્વરથી ૪૮ તીર્થયાત્રીઓને લઈને બસ દ્વારકા જઈ રહી હતી તે સમયે આ અકસ્માત સર્જાયો હતો.

## AMCએ જમાલપુર વિસ્તારમાં બિન પરવાનગી રેસિડેન્સીયલ એકમ પર બુલડોઝર ફેરવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

જમાલપુર વિસ્તારમાં ફરી એકવાર એએમસીનો હથોડો પડ્યો હતો. અમદાવાદ મહાનગર પાલિકાના મધ્ય ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા જમાલપુર વિસ્તારમાં બિન પરવાનગી રેસિડેન્સીયલ એકમ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. અગાઉ એકમ સીલ કરાયું હતું. અને વારંવાર નોટિસ અપાઈ હતી. પરંતુ ગેરકાયદેસર બાંધકામ થતાં આખરે એએમસી દ્વારા બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના જમાલપુર વોર્ડમાં આવેલા લાંબી શેરી નંબર - ૦૧ એક પાસે આવેલી નવી મસ્જિદની પાસે માસુમખાન પઠાણ અને બાંધકામ કરનાર વ્યક્તિઓ દ્વારા ગ્રાઉન્ડ ફ્લોરથી સિક્સ ફ્લોરના ઉપર બિન પરવાનગી આશરે ૨૪૯૭ ચો. ફૂટનું રેસિડેન્સીયલ સ્કીમ પ્રકારનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. એએમસી દ્વારા



જીપીએમસી એક્ટ મુજબ નોટિસ બજાવેલ હતી અને એકમપણસીલકરવામાંઆવેલહતું.પરંતુકબજેદારદ્વારા પરવાનગી વગર ગ્રાઉન્ડ ફ્લોરથી સેકન્ડ ફ્લોર સુધીના બાંધકામનો અમલ કરવામાં આવેલ તેમ છતાં બાંધકામ કર્તા દ્વારા બિન પરવાનગીનું બાંધકામ ચાલુ રાખતા એએમસી દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. પોલીસની મદદ લઈ એએમસી એસ્ટેટ વિભાગ દ્વારા બિન પરવાનગીનું બાંધકામ તોડી પાડવામાં આવેલ છે.બીજી તરફ પૂર્વ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા પણ નિકોલ વોર્ડમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રકારનું બિન પરવાનગીએ કરેલ બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. તેમજ ૧૫ હજારની પેનલ્ટી પણ વસૂલાત કરવામાં આવી હતી. હાઈકોર્ટના કડક આદેશ બાદ ફરી એકવાર એએમસી દ્વારા જાહેર રસ્તા પર રહેલા દબાણ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. જાહેર રસ્તા પર દબાણ કરી ઉભા રહેલા લારી ગલ્લાઓ મોટી સંખ્યામાં દૂર કરવામાં આવ્યા હતા. મધ્ય ઝોન હદ વિસ્તારમાં એલિસ બ્રિજ, જમાલપુર ફૂલ બજાર, જમાલપુર શાકમાર્કેટ, સરદાર બ્રિજ, ગાંધી બ્રિજ, ભદ્ર પરિસર ત્રણ દરવાજા, નહેરુ બ્રિજ, કામા હોટલ રોડ માંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

### સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી

## સાયબર ક્રાઇમના ગુનામાં પશ્ચિમ કચ્છ LCB પોલીસની મોટી કાર્યવાહી

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

ગુજરાતમાં સાયબર ક્રાઇમના ગુનામાં પશ્ચિમ કચ્છ LCB પોલીસ મોટી કાર્યવાહી કરી છે. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે નકલી આધાર કાર્ડ, પાન કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ રજૂ કરીને અલગ-અલગ ૧૭ બેંકોમાં ૫૫ જેટલાં એકાઉન્ટ ખોલાવીને ફ્રોડ આચરતાં રાજસ્થાનના બે યુવકોની ધરપકડ કરી લેવાઈ છે. ૧૦ રાજ્યમાંથી ૧૧થી વધુ ફરિયાદોમાં કરોડોના ફ્રોડની સાયબર ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપી દ્વારા ખોલાયેલા બેંક ખાતાનું કનેક્શન સામે આવ્યું હતું. આરોપીઓ ઓનલાઈન જોબ, સાયબર અરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ સહિતના કૌભાંડ આચરીને ગુનાહિત પ્રવૃતિને અંજામ આપતા હતા. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.

પોલીસની માહિતી મુજબ, કચ્છમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમી મળી હતી કે, ભુજના ભાનુશાલીનગરના હરિરત્ન એપાર્ટમેન્ટના એક ફલેટમાં ભાડેથી રહેતાં જોધપુરના શિશપાલ ઊર્ફે સુભાષ બાબુરામ ધનારામ બિશ્નોઈ (ઉં.વ.૩૫) અને ગોવિંદરામ ઊર્ફે ગોવર્ધનરામ મુન્નારામ કુલારામ બિશ્નોઈ (ઉં.વ.૩૧) નામના બે શખ્સો ખોટા આધાર પૂરાવા, મોબાઈલ નંબર સહિતના ડોક્યુમેન્ટથી બેંકમાં ખાતા ખોલાવીને ફ્રોડ આચરતાં હતા. ત્યારબાદ પોલીસે દરોડા પાડીને બંને આરોપીને ઝડપી પાડીને પૂછપરછ કરતાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ૧૦ રાજ્યોમાંથી સાયબર ક્રાઈમની ૧૧થી વધુ ફરિયાદોમાં આરોપીએ ખોલાયેલા ચાર જેટલાં બેંક ખાતાનું કનેક્શન મળી આવ્યું હતું. જ્યારે આરોપીને વિવિધ બેંકોમાં ખાતા ખોલાવી આપનારા બેંક અધિકારીઓ પર શંકા હોવાથી વધુ પૂછપરછ કરાશે. કચ્છ પશ્ચિમ એસપી વિકાસ સુંડાએ જણાવ્યું હતું કે, 'ભુજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને બાતમી મળી હતી કે, ભુજમાં રહેતા બે શખ્સો પાસે મોટી સંખ્યામાં આધાર કાર્ડ, પાન કાર્ડ, ઉદ્યમ કાર્ડ, વિવિધ બેંકની ચેક બુક, પાસબુક સહિતના ડોક્યુમેન્ટ છે. આ પછી અમારી ટીમ દ્વારા સ્થળ પર દરોડા પાડીને બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે.'

સમગ્ર ઘટના મામલે પોલીસે આરોપી પાસેથી એક લેપટોપ, ૧ પેન ડ્રાઈવ, ૮ મોબાઈલ ફોન, ૧૬ આધાર કાર્ડ, ૧૩ પાન કાર્ડ, ૪૨ ડેબિટ કાર્ડ, ૨૬ પાસબૂક, ૪૭ ચેકબૂક, ૧ ઉદ્યમ પ્રમાણપત્ર, ૨ બોગસ વીજ બિલ, ૨ મકાનના બોગસ નોટરાઈઝ્ડ ભાડાં કરારની કોપી, ૩ દુકાનની પાર્ટનરશીપ અંગેના બોગસ દસ્તાવેજો, વિવિધ બેંક ખાતાની વિગતો લખેલી ૨ ડાયરી સહિતના ડોક્યુમેન્ટ જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી.

### સોશિયલ મીડિયા મારફતે ધમકીઓ મળી રહી છે અને માફી માગવા માટે દબાણ થઈ રહ્યુ છે

## નરેશ પટેલનું સમર્થન કરતી પોસ્ટ મુક્તા પરશોત્તમ પીપળિયાને ફોન પર મળી ધમકી

### ૫૧૧ દીકરીઓના સમૂહ લગ્નોત્સવ દરમિયાન જયેશ રાદડિયાએ નામ લીધા વિના નરેશ પટેલ પર આકરા પ્રહારો કર્યા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટના જેતપુર નજીક આવેલા જામકંડોરણા તાલુકામાં આયોજિત ૫૧૧ દીકરીઓના સમૂહ લગ્નોત્સવ દરમિયાન જયેશ રાદડિયાએ નામ લીધા વિના નરેશ પટેલ પર આકરા પ્રહારો કર્યા હતા. જયેશ રાદડિયાના આ નિવેદનને વખોડી નરેશ પટેલનું સમર્થન કરતી પોસ્ટ પરશોત્તમ પીપળીએ સોશિયલ મીડિયામાં મુકી હતી. હવે પીપળિયાનો આરોપ છે કે તેમને સોશિયલ મીડિયા મારફતે ધમકીઓ મળી રહી છે અને માફી માગવા માટે દબાણ થઈ રહ્યુ છે.

રાજકોટમાં પાટીદાર અગ્રણી જયેશ રાદડિયા અને કડપા પાટીદાર સમાજના શ્રેષ્ઠી તેમજ ખોડલ ધામના પ્રમુખ નરેશ પટેલ વચ્ચેનું કોલ્ડ વોર દિવસે દિવસે વધુ વકરી રહ્યુ છે. ૨૬ જાન્યુઆરીના રોજ રાજકોટ જિલ્લાના જામકંડોરણા ખાતે લેઉવા પાટીદાર સમાજની ૫૧૧ દિકરીઓના સમૂહલગ્ન યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આ સમૂહલગ્નોત્સવના આયોજક જયેશ રાદડિયા વિરોધીઓ પર તૂટી પડ્યા હતા. જયેશ રાદડિયાએ કોઈ પણ વ્યક્તિનું નામ લીધા વિના એવી સટાસટી બોલાવી હતી કે સ્ટેજ પર બેઠેલા પણ સૌ કોઈ સ્તબ્ધ



થઈ ગયા હતા. જયેશ રાદડિયાના આ નિવેદનને વખોડી નરેશ પટેલનું સમર્થન કરતી પોસ્ટ પરશોત્તમ પીપળિયાએ કરી હતી. હવે નરેશ પટેલનું સમર્થન કરવા બદલ તેમને ધમકીઓ મળી રહી છે. પીપિળિયાને ફોન પર માફી માગવા માટે દબાણ થઈ રહ્યુ છે. ધમકી મુદ્દે પીપળિયાએ નિવેદન આપ્યુ છે કે હું આવા લોકોની ધમકીથી નાસીપાસ થવાનો નથી. મારા નિવેદન બદલ હું માફી માગુ એવુ દબાણ પણ કરવામાં આવ્યુ.જ્યારે તમે કોઈ અવાજ ઉઠાવો ત્યારે આવા તત્વોની ગેંગ તમારો અવાજ દબાવવાની કોશિક કરે તે સ્વાભાવિક છે

પરસોત્તમ પીપળીયાએ પોસ્ટ મુકી સવાલ ઉઠાવ્યો હતો કે રાદડિયા અમરેલી મામલે એકપણ શબ્દ કેમ ન બોલ્યા ? પીપળિયાએ પોસ્ટમાં લખ્યું હતુ કે સત્તાનો મદ રાજા રાવણને પણ નથી રહ્યો તે ધ્યાને રાખીને હાકલા પડકારા કરવા જોઈએ.

### બાવળાની સોસાયટીઓમાં રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર માટે 'અંદર આવવું નહીં'નાં લાગ્યાં બેનરો

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

બાવળા તાલુકાની સોસાયટીઓમાં રાજકીય પક્ષો વિરુદ્ધ બેનરો લગાવવામાં આવ્યાં હતા. બાવળા શહેરમાં આવેલી રત્નદીપ સોસાયટી અને સ્વાગત રેસીડેન્સીમાં રાજકીય પક્ષોએ પ્રચાર માટે નહીં આવવાના બેનરો લગાવવામાં આવ્યા છે. સોસાયટીનાં લોકોનું કહેવું હતું કે અમારા ખરાબ સમયમાં જે અમારી મદદ માટે આવ્યાં હોઈ તે જ લોકોએ સોસાયટીમાં પ્રવેશ કરવો. સોસાયટીનાં લોકોએ જણાવ્યું હતું કે ચોમાસાની સિઝનમાં રત્નદીપ સોસાયટી સ્વાગત રેસીડેન્સી અને પાછળ આવેલ બળિયાદેવ વિસ્તાર બેટમાં ફરી ગયો હતો ઘણા દિવસો સુધી સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા. પાણી સુધી ભરાઈ ગયા હતા કે અંદર આવવા જવા માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરવો પડતો હતો.આ ચોમાસાની સિઝનમાં જે ઘરોમાં પાણી ભરાયા હતા જેના કારણે ઘરના માલમિલકતને ઘણું નુકસાન થયું હતું અને પોતાનું ઘર હોવા છતાં બહાર બીજાના ત્યાં રહેવા જવાનો વારો આવ્યો હતો.

### જેલવાસ ભોગવી રહેલા કુખ્યાત રજાક સોપારીએ જેલમાં લખણ ઝળકાવ્યા

। (એજન્સી) જામનગર, તા.૨ ।

જામનગરમાં ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી ફાઈનાન્સ મેળવી ને ટ્રકોની ખરીદી કર્યા પછી તેને બારોબાર વેચી નાખી કરોડોના ચીટિંગના પ્રકરણમાં જેલવાસ ભોગવી રહેલા રજાક 'સોપારી' એ જેલની અંદર પણ પોતાના લખણ ઝળકાવ્યા હતા, અને તેની સાથે જ જેલવાસ ભોગવી રહેલા એક શખ્સને સ્કોર્પિયો કારના વેચાણના સંદર્ભે પોતાના બે સાગરીત કેદીની મદદથી માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ટ્રકના ચીટીંગ કૌભાંડમાં જેલવાસ ભોગવી રહેલા અને મૂળ પોરબંદરના વતની ગાંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતર (ઉંમર વર્ષ ૩૪)એ તાજેતરમાં જેલમાંથી જામીન પર છૂટ્યા પછી સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં પહોંચી જઈ જેલની અંદર પોતાને અગાઉ ૯ ડિસેમ્બરના દિવસે માર મારવા અંગે અને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે જેલવાસ ભોગવી રહેલા રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડા, તેમજ તેની સાથે રહેલા અન્ય બે કેદીઓ રામભાઈ ભીમજીભાઈ નંદાણીયા અને રજાક સાયચા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી ગાંગાભાઈ કે જે અગાઉ ટ્રક ચિટિંગના ગુનામાં જેલમાં હતો, જે દરમિયાન તેણે પોતાની સ્કોર્પિયો રજાક સોપારીના કુટુંબીને આપી હતી, તે સ્કોર્પિયો કાર ના હપ્તા ભરાયા ન હતા, જેથી તે કાર પોતાની પાસે રાખી લીધી હતી. દરમિયાન રઝાક સોપારીને જાણકારી મળતાં તેણે પોતાના અન્ય બે સાથી કેદીઓ રામભાઈ નંદાણીયા અને રઝાક સાયચા સાથે મળીને પોતાને જેલના પીસીઓમાં બોલાવ્યો હતો, અને ગંદી ગાળો આપી ઝાપટો મારી હતી.

